અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ જૂન ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૨ | અંક : ૩૫૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### શાંતિ અને સમૃદ્ધિ, આતંકવાદ એકસાથે ચાલી શકતા નથી : સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ


# નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં : રાજનાથસિંહ

## કોઈપણ દેશ, ભલે ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોય, એકલા કામ કરી શકતો નથી : સંરક્ષણ મંત્રીનું ચીનમાં SCOની બેઠકમાં નિવેદન

। (એજન્સી) શાંઘાઈ, તા.૨૬ ।

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ હાલ ચીનમાં SCOની બેઠકમાં હાજરી આપવા પહોંચેલા છે. ચીનના કિંગદાઓ શહેરમાં ચાલી રહેલી SCO (શાંઘાઈ સહકાર સંગઠન) સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે યજમાન ચીન અને પાકિસ્તાનને આતંકવાદ અંગે મોઢે મોઢ જવાબ આપી દીધો હતો. તેમણે કહ્યું કે અમે આતંકવાદ સામે કાર્યવાહી કરતા રહીશું. રાજનાથ સિંહે કહ્યુ કે નિર્દોષોનું લોહી વહેવડાવનારાઓને અમે બક્ષીશું નહીં. કેટલાક દેશો આતંકવાદના સમર્થક છે. આ મહત્વપૂર્ણ બેઠકમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફ પણ હાજર હતા. પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત અને પાકિસ્તાન વચ્ચેના કડવા સંબંધો વચ્ચે બંને નેતાઓ પહેલીવાર એક મંચ પર સાથે જોવા મળ્યા.

SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં, રાજનાથ સિંહે તેમના પાકિસ્તાની સમકક્ષ સામે ખુલ્લેઆમ આતંકવાદ અને ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આતંકવાદ સામે અમારી કાર્યવાહી ચાલુ રહેશે. તેમણે કહ્યું, "ભારત માને છે કે સુધારેલ બહુપક્ષીયવાદ દેશો વચ્ચે સંઘર્ષ અટકાવવા માટે સંવાદ અને સહયોગ માટે પદ્ધતિઓ બનાવવામાં મદદ કરી શકે છે.



કોઈપણ દેશ, ભલે ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોય, એકલા કામ કરી શકતો નથી." તેમણે વધુમાં કહ્યું, "વાસ્તવમાં, વૈશ્વિક વ્યવસ્થા અથવા બહુપક્ષીયવાદનો મૂળ વિચાર એ માન્યતા છે કે બંનેએ એકબીજા સાથે મળીને તેમના પરસ્પર અને સામૂહિક લાભ માટે કામ કરવું જોઈએ. આ આપણી પ્રાચીન કહેવત છે જે 'સર્વે જન સુખિનો ભવન્તુ' ને પણ પ્રતિબિંબિત કરે છે, જેનો અર્થ બધા માટે શાંતિ અને સમૃદ્ધિ છે." રાજનાથ સિંહે વધુમાં કહ્યું, "હું એમ પણ માનું છું કે આપણા ક્ષેત્રમાં સૌથી મોટા પડકારો શાંતિ, સુરક્ષા અને વિશ્વાસના અભાવ સાથે સંબંધિત છે. આ સમસ્યાઓનું મૂળ કારણ કટ્ટરવાદ, ઉગ્રવાદ અને આતંકવાદમાં વધારો છે. શાંતિ-સમૃદ્ધિ અને આતંકવાદ એકસાથે ચાલી શકતા નથી. આ પડકારોને સંબોધવા માટે નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે અને આપણે આપણી સામૂહિક સલામતી અને સુરક્ષા માટે આ દુષ્ટતાઓ સામેની લડાઈમાં એક થવું જોઈએ." રાજનાથ સિંહે કહ્યું કે કેટલાક દેશો સરહદ પારના આતંકવાદનો ઉપયોગ નીતિના સાધન તરીકે કરે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. આવા બેવડા ધોરણો માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. SCO એ આવા દેશોની ટીકા કરવામાં અચકાવું જોઈએ નહીં. પહલગામ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું, "૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ, આતંકવાદી જૂથ 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' એ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર ક્રૂર અને જઘન્ય હુમલો કર્યો હતો. એક નેપાળી નાગરિક સહિત ૨૬ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા. ધાર્મિક ઓળખના આધારે પીડિતોને પ્રોફાઈલ કર્યા પછી ગોળી મારી દેવામાં આવી હતી. યુએન દ્વારા નિયુક્ત આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી એવા રેઝિસ્ટન્સ ફ્રન્ટે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે." કિંગદાઓમાં બેઠક પહેલા, બધા સંરક્ષણ પ્રધાનો સાથે એક ગ્રુપ ફોટો લેવામાં આવ્યો હતો, જેમાં રાજનાથ સિંહ અને ખ્વાજા આસિફે પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત, ચીનના સંરક્ષણ પ્રધાન એડમિરલ ડોંગ જુન અને અન્ય નેતાઓએ પણ સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં એક ગ્રુપ ફોટો લીધો હતો. સંરક્ષણ પ્રધાનોની બેઠક શરૂ થાય તે પહેલાં, ચીનના સંરક્ષણ પ્રધાન એડમિરલ ડોંગ જુને રાજનાથનું સ્વાગત કર્યું. અગાઉ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બુધવારે શાંઘાઈ સહકાર સંગઠન પરિષદમાં ભાગ લેવા માટે ચીનના બંદર શહેર કિંગદાઓ પહોંચ્યા હતા. મે ૨૦૨૦ માં પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર લશ્કરી ગતિરોધ પછી ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ગંભીર તણાવ પછી આ કોઈ વરિષ્ઠ ભારતીય પ્રધાનની ચીનની પહેલી મુલાકાત પણ છે.

---

## આમ આદમી પાર્ટીએ ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે પાર્ટીમાંથી કર્યા સસ્પેન્ડ

। અમદાવાદ, તા.૨૬ ।

આમ આદમી પાર્ટીથી નારાજ ચાલી રહેલા ધારાસભ્ય ઉમેશ મકવાણા વિરુદ્ધ ખૂદ પાર્ટીએ કાર્યવાહી કરી છે. આજે સવારે પોતાની નારાજગી જાહેર કર્યા બાદ હવે આમ આદમી પાર્ટીએ ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. અમદાવાદઃ આમ આદમી પાર્ટીથી નારાજ ધારાસભ્ય ઉમેશ મકવાણાએ આજે આપના તમામ હોદા પરથી રાજીનામું આપી દીધું હતું.

---

### શેરબજારમાં સળંગ ત્રીજા દિવસે તેજી

## સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી નવ માસની ટોચે પહોંચ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

શેરબજારમાં આજે સળંગ ત્રીજા દિવસે આકર્ષક તેજી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ દૂર થતાં તેમજ વૈશ્વિક સ્તરે સકારાત્મક સંકેતો મળતાં સેન્સેક્સ અને નિફ્ટી ૧ ટકાથી વધુ ઉછળ્યા છે. સેન્સેક્સ અંતે ૧૦૦૦.૩૬ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછળી ૮૩૭૫૫.૮૭ અને નિફ્ટી ૩૦૪.૨૫ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછાળે ૨૫૫૪૯ પર બંધ રહ્યો હતો. આ સાથે નિફ્ટી નવ માસની ટોચે પહોંચ્યો છે. શેરબજારમાં સાર્વત્રિક તેજીના માહોલ વચ્ચે આજે રોકાણકારોની મૂડી ૩.૪૬ લાખ કરોડ વધી છે. બીએસઈ ખાતે આજે ૨૬૦ શેરમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૨૭ શેર વર્ષની ટોચે પહોંચ્યા હતાં. મેટલ, બેંકિંગ, એનર્જી, પાવર સહિતના શેર્સમાં નીચા મથાળે ખરીદી વધતાં ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછળ્યા હતાં.

---

## ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચ્યા શુભાંશુ શુક્લા

### આ ડ્રેગન કેપ્સૂલ ૨૦ મિનિટ વહેલાં જ ડોક પહોંચ્યું હતું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

ભારતીય અંતરિક્ષ યાત્રી ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા AXIOM-4 (Ax-4) મિશન હેઠળ સ્પેસએક્સ ડ્રેગન કેપ્સૂલ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પહોંચ્યું છે. આ ડ્રેગન કેપ્સૂલ નિશ્ચિત સમયની તુલનાએ ૨૦ મિનિટ વહેલાં જ ડૉક પહોંચ્યું છે. ડૉકિંગ પ્રક્રિયા શરૂ થઈ છે. ૧-૨ કલાક તપાસ થશે. જેમાં હવાનું પ્રેશર અને સ્થિરતાની ખાતરી કરવામાં આવશે. ત્યારબાદ ક્રૂ ISS માં પ્રવેશ કરશે. આ અંતરિક્ષ યાન



૨૮,૦૦૦ કિમી પ્રતિ કલાકની સ્પીડે ૪૧૮ કિમી ઊંચાઈ પર પૃથ્વીની પરિક્રમા કરી રહ્યા છે. લોન્ચિંગ બાદ લગભગ ૨૬ કલાકની યાત્રા પૂરી થઈ ચૂકી છે. હવે તે અંતિમ ચરણમાં છે. યાનના ઓર્બિટલ મેન્યુવર્સ કરવામાં આવ્યા છે. જેથી ISSની કક્ષા સાથે સંરેખિત થઈ શકે. ડ્રેગન કેપ્સૂલની ISS સાથે ડૉકિંગ પ્રક્રિયા ઓટોનોમસ છે. જેના પર શુભાંશુ અને કમાન્ડર પેગી વ્હિટસન દેખરેખ રાખશે. આ પ્રક્રિયા સચોટતા અને સુરક્ષાથી સજ્જ છે. જેના ચાર તબક્કા છે.

**Rendezvous:** ડ્રેગન કેપ્સૂલ લોન્ચ થયા બાદ ૯૦ સેકન્ડમાં એન્જિન ફાયરિંગ સાથે પોતાની ગતિ અને દિશા સમાયોજિત કરે છે. સ્પેસએક્સ અને નાસાના ગ્રાઉન્ડ કંટ્રોલર યાનની સિસ્ટમની ચકાસણી કરે છે.

---

### જિનપિંગે પ્લાન કેન્સલ કર્યો

## બ્રાઝિલે પીએમ મોદીને ડીનર માટે આમંત્રિત કરતા ચીન ભડક્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં BRICS Summitની તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન, એવા અહેવાલો છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ સમિટમાં હાજરી નહીં આપે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે બ્રાઝિલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ડીનર માટે આમંત્રણ આપ્યું હોવાથી જિનપિંગે પોતાનો પ્લાન કેન્સલ કર્યો છે. જોકે, આ અંગે ચીન દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ જો આવું થયું તો એક દાયકામાં આ પહેલી વાર એવું બનશે કે ચીનના રાષ્ટ્રપતિ સમિટમાં હાજરી નહીં આપે. આ ઉપરાંત બીજું કારણ એવું પણ આપવામાં આવી રહ્યું છે કે જિનપિંગ એક વર્ષથી ઓછા સમયમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઈનાશિયો લુલા દા સિલ્વાને બે વાર મળ્યા છે.




## વડોદરામાં જાણીતી બ્રાન્ડનો નકલી દારૂ બનાવવાનો કારસો

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરામાં નકલી દારૂ બનાવવાની તેમજ દારૂ માટેની બોટલો તૈયાર કરવાની બે મીની ફેક્ટરી શહેર પોલીસે ઝડપી પાડી એક મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. આ અંગેની વિગત એવી છે કે શહેરના મધ્યમાં અજબડી મિલ પાસે તેમજ લાલ અખાડા પાસે વારસિયામાં આવેલા બે ગોડાઉનમાં દારૂની ખાલી બોટલો લાવી તેની સાફ સફાઈ કર્યા બાદ તેના ઉપર નવા બ્રાન્ડેડ દારૂની કંપનીના સ્ટીકરો ચોંટાડી આ બોટલોનો જથ્થો બુટલેગરોને વેચવામાં આવે છે. તેવી માહિતીના આધારે શહેર પીસીબીએ બંને ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો. ગોડાઉનમાં જાણીતી વિદેશી બ્રાન્ડની દારૂની ખાલી બોટલો તેમજ બોટલો ઉપરના બુચ તેમજ સ્ટીકરો અને બે મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા. પોલીસે વારસિયા રિંગ રોડ પર આવેલ રુપલ સોસાયટીમાં રહેતા મનીષ ભગવાનદાસ મેઘવાણી અને હેમાબેન ભગવાનદાસ મેઘવાણી તેમજ ગોડાઉનમાં કામ કરતા ભોલા સંજય રાવલ (રહે-વુડાના મકાન, ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે)ની ધરપકડ કરી તેઓની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

## વિશ્વામિત્રી નદી બે કાંઠે થતાં મગરો નદી કિનારે આવ્યા

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના ઉપરવાસમાં થયેલા વરસાદના કારણે અને દેવ ડેમમાંથી છોડાતા પાણીના કારણે વિશ્વામિત્રી નદી બે કાંઠે થતા નદીમાં વસવાટ કરતા મગરો ભીમનાથ બ્રિજ નજીક અને કિનારા પર વિચરતા જોવા માટે કુતુહલવશ લોકોના ટોળા બ્રિજ નજીક એકત્ર થયા હતા. ઉલ્લેખનીય છે કે વડોદરાનું એક નામ મગર નગરી પણ પડી ગયું છે. પ્રતિ વર્ષના ચોમાસામાં વિશ્વામિત્રી નદી બે કાંઠે થતા અને શહેરના કેટલાક વિસ્તારમાં પાણી ભરાતા હોય છે પરિણામે નદીમાંથી મગર કેટલી વાર રોડ રસ્તા પર આવી જતા જણાયા છે. જ્યારે હાલમાં વિશ્વામિત્રી નદીના ઉપરવાસમાં ભારે વરસાદના કારણે અને દેવ ડેમમાંથી છોડાયેલા પાણીના કારણે વિશ્વામિત્રી નદી બે કાંઠે થઈ હતી.પરિણામે વિશ્વામિત્રી નદીમાં કાયમ વસવાટ કરતા મગરો વિચરતા નદી કિનારાના કાંઠા પર આવી ગયા હતા. આવી રીતે કાંઠા પર વિચરતા અનેક મગર ભીમનાથ બ્રિજ નીચે જોવા મળ્યા હતા. પરિણામે ત્યાંથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકો પોતાના વાહન એક બાજુએ રોકીને મગરોને વિચારતા જોવા કુતુહલવશ એકત્ર થયા હતા. જોકે વધુ વરસાદ પડે અને શહેરમાં પાણી ભરાય ત્યારે પણ આ મગરો શહેરના રોડ રસ્તા પર અનેકવાર જોવા મળ્યાં ના પ્રતિ વર્ષ અનેક બનાવો બને છે. વિસ્તારમાં પણ મગર અનેકવાર ઘૂસી ગયાના પણ બનાવો ભૂતકાળમાં બન્યા છે.

# શાળા અને સંતાન વચ્ચે સેતુ બનીને શિક્ષણકાર્ય પ્રત્યે વાલીઓએ સજાગ બનવું પડશેઃ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

। આણંદ, તા.૨૬ ।



કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ની ૨૨ મી શ્રેણી અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીએ પેટલાદ તાલુકાના પોરડા ગામની જી.પી.કે ગીતા માધ્યમિક વિદ્યાલય ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ ૭૯ જેટલા વિધાર્થીઓને ધોરણ ૯ માં શૈક્ષણિક કીટ આપીને શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ વેળાએ સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિધાર્થીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર મહાનુભાવોના હસ્તે પારિતોષિક એનાયત કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. તદઉપરાંત દાતાઓનું પણ મહાનુભાવો દ્વારા સન્માનિત કરાયા હતા. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ એ માત્ર કાર્યક્રમ નથી, ભૂલકાઓના જીવનમાં નવી આશાઓ સાથે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો છે ત્યારે માત્ર પ્રવેશ ન ગણાતા સંકલ્પનો અવસર બનાવવાનો છે. આ અવસરે વિધાર્થીઓને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પાંચ સંકલ્પ લેવડાવ્યા હતા. જેમાં જિજ્ઞાસા, શિસ્ત, પ્રયાસ કરવા,સહકાર આપવા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માતા પિતા તથા શિક્ષકોને સન્માન આપવા પણ જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વાલીઓને શાળા અને સંતોનો વચ્ચેના સેતુ બનીને તેમાના શિક્ષણકાર્ય પ્રત્યે સજાગપણે ધ્યાન આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત મહાનુભાવોએ શાળા પરિસરમાં વૃક્ષોરોપણ કર્યું હતું.

### પ્રથમ વરસાદે જ AMCની પોલ ખોલી કાઢી

## અમદાવાદના લો ગાર્ડનમાં વધુ એક મોટો ભૂવો પડ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

રાજ્ય સહિત સમગ્ર અમદાવાદમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે પ્રથમ વરસાદે જ છસ્ઝની પોલ ખોલી કાઢી છે. શહેરમાં વરસાદ શરૂ થવાની સાથે જ અલગ અલગ વિસ્તારમાં ભૂવા પડવાની સમસ્યાઓ પણ સામે આવી રહી છે. શહેરના ન્યૂ વસ્ત્રાલ વિસ્તારમાં ભૂવો પડ્યા બાદ હવે લો ગાર્ડન ખાતે હેપી સ્ટ્રીટના પાર્કિંગ એરિયામાં ભૂવો પડ્યો છે. મનપાએ પાર્કિંગ એરિયામાં બ્લોક લગાવેલા હોવા છતાં ભૂવો પડ્યો છે. જો કે સદનસીબે આ જગ્યા પર કોઈ વાહન પાર્ક કરેલું નહોતું, જેથી મોટું નુકસાન ટળ્યું છે. જો કે ભૂવો પડવાની ઘટના બન્યા બાદ હાલમાં છસ્ઝએ બેરિકેટિંગ કરીને સમારકામ શરૂ કર્યું છે. ચાલુ વર્ષમાં ચોમાસા બાદ મકરબામાં ૨, પાલડીમાં ૨, વસ્ત્રાલમાં ૧ અને હવે લો ગાર્ડન ખાતે ભૂવો પડ્યો છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે અમદાવાદના ન્યૂ વસ્ત્રાલમાં મસમોટો ભૂવો પડ્યો હતો. શ્રીજી હાઈટ્સ પાસે ૧૫ ફૂટ પહોળો અને ઊંડો મસમોટો ભૂવો પડતા સ્થાનિકોને ભારે હાલાકી પડી રહી છે. છેલ્લા ૮ મહિનાથી મંથરગતિથી ડ્રેનેજ લાઈનની કામગીરી ચાલી રહી છે પણ હજુ સુધી કામગીરી પૂર્ણ થઈ નથી. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા બુદ્ધિ નું દેવાળું ફુક્યું હોય તેવા નિર્ણય કરી રહ્યું છે. ચોમાસાની સીઝન ચાલુ થઈ ગઈ હોવા છતાં ૧૬૭ કરોડના ખર્ચે પશ્ચિમ ઝોનમાં ૩ વાઈટ ટોપીંગ રોડ બનાવવા ટેન્ડર લાવવામાં આવ્યા છે. જેને લઈને વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણ દ્વારા આરોપ લગાવવામાં આવ્યા છે કે મહાનગર પાલિકા નાં સત્તાધીશો દ્વારા પહેલા અગાઉ જે વાયદા કર્યા હતા કે દરેક વોર્ડમાં ૨ વાઈટ ટોપીંગ રોડ બનાવવામાં આવે તે હજી પૂર્ણ થયા નથી.

### ડબ્બા ટ્રેડિંગ એ શેરબજારનો ગેરકાયદે પ્રકાર છે

## વિસનગરના ખદલપુર ગામે ડબ્બા ટ્રેડિંગનું ગેરકાયદે નેટવર્ક ઝડપાયું

। (એજન્સી) મહેસાણા, તા.૨૬ ।

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ખદલપુર ગામ નજીક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ખેતરમાંથી ચાલતા આ ગેરકાયદે વેપારમાં શેરબજારના નામે લોકોને ઊંચા વળતર અને નફાની લાલચ આપીને છેતરપિંડી આચરવામાં આવતી હતી. આ કાર્યવાહીમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રણ હજુ ફરાર છે. વિસનગર તાલુકા પોલીસ સ્ટેશનમાં કુલ છ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઈ છે. ડબ્બા ટ્રેડિંગ એ શેરબજારનો ગેરકાયદે પ્રકાર છે, જેમાં નિયમનકારી સંસ્થાઓ જેવી કે સેબી (SEBI)ની દેખરેખ વિના શેરબજારના વ્યવહારો ચલાવવામાં આવે છે. આવા વેપારમાં રોકાણકારોને ખોટી રીતે ઊંચા નફાનું વચન આપવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તેમના નાણાંની લૂંટ થાય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ ઘણીવાર ગુપ્ત રીતે, બિનપરંપરાગત સ્થળોએ જેમ કે ખેતરો કે ગામડાઓમાં ચાલે છે, જેથી પોલીસ અને નિયામક સંસ્થાઓની નજરથી બચી શકાય. સ્ટેટ મોનિટરિંગ સેલને ગુપ્ત માહિતી મળી હતી કે ખદલ પુર ગામ નજીકના ખેતરમાં ડબ્બા ટ્રેડિંગનું ગેરકાયદે નેટવર્ક ચાલી રહ્યું છે. આ માહિતીના આધારે, SMCએ ઝડપી કાર્યવાહી કરી અને ખેતરમાં ચાલતા આ ગેરકાયદે વેપારને ઝડપી પાડ્યો. આરોપીઓ ખેતરમાં બેસીને શેરબજારના નામે બોગસ વ્યવહારો ચલાવતા હતા. તેઓ લોકોને ખોટા નાણાકીય સલાહકાર (એડવાઈઝર) તરીકે રજૂ કરી, ઊંચા નફાની લાલચ આપીને રોકાણકારોને ફસાવતા હતા.

### ગામમાં રહેતા લોકોના જીવ અધ્ધર આવી ગયા

## મહિસાગરમાં સામાન્ય વરસાદમાં જ તળાવની પાળ તૂટી ગઇ

। (એજન્સી) વીરપુર, તા.૨૬ ।

મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકાના નાનસલાઈ ગામના તળાવની પાળ બે મહિના અગાઉ બનાવવામાં આવી હતી, છતાં પહેલા જ વરસાદમાં ધોવાઈ જતા મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યું છે. જિલ્લાના વીરપુર તાલુકાના નાનસલાઈ ગામે આવેલું તળાવ પહેલા અને સામાન્ય વરસાદમાં જ ક્ષતિગ્રસ્ત થઈ ગયું છે. બે મહિના અગાઉ નાની સિંચાઈ અંતર્ગત માટી પૂરીને તળાવ ઉપર પાળ બનાવવામાં આવી હતી. જોકે તળાવની પાળ પર માટીનું પૂરણ બરાબર કરવામાં ન આવ્યું હતું, જેથી ગામ લોકો દ્વારા નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેર એ. આર. શાહને રજૂઆત કરવામાં આવી હતી પરંતુ ગામ લોકોને 'વ્યવસ્થિત છે' કહી દિલાસો અધિકારી દ્વારા આપી ગામ લોકોને ઘરે પરત મોકલી દેવામાં આવ્યા હતાહવે અહીંયા ચોમાસા સીઝનનો પહેલો વરસાદ ગત રાત્રિના રોજ પડ્યો હતો જેમાં રાત્રિ દરમિયાન માટી પૂરણ કરવામાં આવેલી પાળ ધોવાઈ ગઈ હતી જોકે તળાવમાં ઓછું પાણી હોવાના કારણે મોટી જાનહાનિ થતી ટળી હતી અગાઉ પણ આ તળાવ તૂટવાથી ૨૦૦ જેટલાં ઘરોમાં પાણી ફરી વળ્યા હતા. જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગામ લોકોની તે બીક હજુ તો દૂર થઈ નથી ત્યાં ફરી તળાવની પાળ ધોવાઈ ગઈ છે. જેથી એક ડરનો માહોલ ગામ લોકોમાં જોવા મળી રહ્યો છે. ગત રાત્રિના તળાવની પાળ તૂટતાં નાની સિંચાઈના અધિકારીને જાણ કરવામાં આવતા, આજે ભ્રષ્ટાચારના ગાબડાં પૂરવા જેસીબી અને ટ્રેક્ટરથી ધોવાઈ ગયેલા ગાબડાં પૂરવામાં આવી રહ્યા છેગામ લોકોની નેક રજૂઆતો બાદ પણ અધિકારીએ ગામ લોકોની એક ન સાંભળી અને મનમાની ચલાવી કોન્ટ્રાક્ટર જોડે કામ કરાવવામાં આવતા આખરે પાળ તૂટી ગઈ છે. ત્યારે તળાવમાં પાણી વધુ હોત અને જો પાણી ઘરોમાં ફરી વળ્યાં હોત તો આખરે જવાબદાર કોણ? અનેક સવાલો ઉભા થઈ રહ્યા છેનાનસલાઈ ગામના તળાવની પાળ ધોવાઈ જતા અધિકારીને ગામ લોકો દ્વારા જાણ કરવામાં આવી હતી, જેથી નાની સિંચાઈના કાર્યપાલક ઈજનેર એ. આર. શાહ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ધોવાઈ ગયેલી પાળ ઉપર માટી પૂરણ કરાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી ત્યારે ગામ લોકો દ્વારા ઘટનાસ્થળે આવેલા એ. આર. શાહ સ્થાનિક લોકો સાથે વાતચીત કરતા વીડિયોમાં કેદ થયા છે.

## વલસાડમાં દીપડાના બચ્ચાની ચામડી સાથે ૩ આરોપીઓ ઝડપાયા

### વન્યજીવોના રક્ષણ- સંવર્ધન માટે ગુજરાત વન વિભાગ સમર્પિત રીતે કામગીરી કરી રહ્યું છે અને આ મિશન માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે

। (એજન્સી) વલસાડ, તા.૨૬ ।

વલસાડ જિલ્લામાં વન્યજીવ અંગોના ગેરકાયદેસર વેપાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ગુજરાત વન વિભાગ અને વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરા દ્વારા હાથ ધરવામાં આવેલા સંયુક્ત ઓપરેશનમાં દીપડાના બચ્ચાની ચામડી સહિતના વન્યજીવ અંગો સફળતાપૂર્વક જપ્ત કરીને આ બાબતે ત્રણ ગુનેગારોની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી વલસાડ ઉત્તર વન વિભાગ, વલસાડ દક્ષિણ વન વિભાગ અને વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યુરો ની સંકલિત ટીમો દ્વારા હાથ ધરવામાં આવી હતી. સંયુક્ત પ્રયાસો આ પ્રદેશમાં વન્યજીવ સંબંધિત ગુનાઓને રોકવામાં વન વિભાગની મજબૂત પ્રતિબદ્ધતા અને સતર્કતા દર્શાવે છે. ભારતના મૂલ્યવાન વન્યજીવોના રક્ષણ- સંવર્ધન માટે ગુજરાત વન વિભાગ સમર્પિત રીતે કામગીરી કરી રહ્યું છે અને આ મિશન માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. વન્યજીવ વસ્તુઓનો ગેરકાયદેસર વેપાર વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ એક ગંભીર ગુનો છે, જેમાં ?૧ લાખ સુધીનો દંડ અને સાત વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ કેસમાં લવકર રેન્જે વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨, ૯, ૩૯ અને ૫૦ હેઠળ ગુનો નોંધ્યો છે. વન વિભાગ સમગ્ર ષડયંત્રનો પર્દાફાશ કરવા અને તેમાં સંડોવાયેલા તમામ ગુનેગારોની ઓળખ કરવા માટે વધુ તપાસ કરી રહ્યું છે. વન વિભાગે આ કાર્યવાહી દ્વારા વન્યજીવ સંબંધિત ગુનાઓ સામે તેનું મક્કમ વલણ દર્શાવ્યું છે. વિભાગે જનતાને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવા અને ભારતના સમૃદ્ધ નૈસર્ગિક વારસાના સંરક્ષણમાં મદદ કરવા માટે અપીલ પણ કરી છે.

### ગરીબ બાળકોનો વિચાર કર્યા વિના જ બેન્ચો કોલેજમાં શિફ્ટ કરી દેવાઈ

## સુરતમાં સરકારી શાળાના બાળકોની બેન્ચો ઉપાડીને કોલેજના સ્ટુડન્ટ્સને આપી દીધી

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના લિંબાયતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ઈશ્વરનગરમાં સંચાલિત એક કોલેજને ભાઠેનામાં ટ્રાન્સફર કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે અહીં સર્વ શિક્ષા અભિયાન હેઠળ નગર પ્રાથમિક શિક્ષક સમિતિના બાળકોની બેન્ચો છીનવીને કોલેજના વિદ્યાર્થીઓને ફાળવી દેવાનો મામલો સામે આવ્યો છે. જેના કારણે પ્રાથમિક શાળાના બાળકોને નીચે બેસીને ભણવાનો વારો આવતા વાલીઓ પણ ભડક્યાં છે. સુરતની પ્રજા લાંબા સમયથી સરકારી કોલેજની માંગણી પુરી કરી રહી હતી ત્યારે સરકારે મોટા ઉપાડે લિંબાયતમાં સરકારી કોલેજની જાહેરાત કરી હતી. જોકે, સરકારે જગ્યાની ફાળવણી પણ કરી ન હોવાથી ભાજપના શાસકોએ સુરતની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ભોગ લઈને લિંબાયત ઈશ્વર નગરના એક કેમ્પસમાં કોલેજ માટે એક બે નહીં પણ ૧૫ ઓરડા ફાળવી દીધા હતા. આ ઓરડા આપવાનો નિર્ણય શાસકોનો છે અને તેના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો ને ભારે મુશ્કેલી પડી હતી. ફરિયાદ એવી હતી કે નેતાઓના આદેશથી શાળાના વર્ગખંડ આપી દેવામાં આવતા શિક્ષકો પણ લાચાર બની ગયાં છે. કોલેજના ભોગે હવે પ્રાથમિક શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓને ઓછી જગ્યામાં ભણવા મજબૂર કરવામાં આવી રહ્યા છે. એક વર્ગમાં એક કરતાં વધુ વર્ગના વિદ્યાર્થીઓને બેસવાની ફરજ પાડવામાં આવી રહી છે. વાલીઓ અને શિક્ષકોની ફરિયાદબાદ હાલમા આ કોલેજ માટે ભાઠેમાં જગ્યા ફાળવી દેવામાં આવી હોવાના અહેવાલ છેપરંતુ હજી પણ ગરીબ વિદ્યાર્થીઓના ભોગે સરકારી કોલેજને સુવિધા આપવા માટેના ધખારા યથાવત જોવા મળી રહ્યાં છે. અધિકારીઓ દ્વારા ઈશ્વર નગર અને અન્ય શાળાઓ જેમના ક્રમાંક છે.

**વિશેષ** | શાળા પ્રવેશોત્સવનો પ્રથમ દિવસઃ આવો બનાવીએ શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ થરાદના સીમાવર્તી બેવટા, દિપડા અને મોટા મેસરા ખાતેથી વિદ્યાર્થીઓને શાળામાં કરાવ્યો પ્રવેશ

### નરેન્દ્રભાઈ મોદીના શાળા પ્રવેશોત્સવના અભિગમથી રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય પરિવર્તન આવ્યું : અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

। (માહિતી) ગાંધીનગર ।





વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાના સીમાવર્તી વિસ્તાર થરાદ તાલુકાના બેવટા, દિપડા અને મોટા મેસરા ખાતેથી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. અધ્યક્ષશ્રી શંકરભાઈએ બાળકોને શૈક્ષણિક કીટ આપી કુમકુમ તિલક સાથે આવકાર્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના થકી કરાઈ હતી. રાજ્યમાં શાળાએ જવા પાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાની ગુજરાતની અભિનવ પહેલ "શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ" ની આ ૨૩મી કડીનો આજથી પ્રારંભ થયો છે. બેવટા ખાતેથી અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ૨૦૦૨-૦૩માં શરૂ કરાવેલા આ શાળા પ્રવેશોત્સવના ૨૨ વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થયા છે. નરેન્દ્રભાઈ મોદીના શિક્ષણ માટેના અભિગમથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ શરૂ થયો અને આ શાળા પ્રવેશોત્સવથી છેવાડાના ગામડાઓથી લઈને શહેરો સુધી શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય પરિવર્તન આવ્યું છે. રાજ્યના મંત્રીશ્રીઓ અને અધિકારીઓ છેવાડાના ગામડામાં પહોંચીને બાળકોને શાળામાં પ્રવેશ કરાવે છે જેના પરિણામે ડ્રોપ આઉટ રેશિયો સતત ઘટતો ગયો છે. વર્ષો પહેલા દીકરીઓ અધ વચ્ચેથી અભ્યાસ છોડી મૂકતી હતી તે દીકરીઓને ઘર આંગણે શિક્ષણ પૂરું પાડવાનું કામ રાજ્ય સરકાર દ્વારા કરાયું છે. અધ્યક્ષશ્રી ચૌધરીએ જણાવ્યું કે, રાજ્ય સરકારએ શિક્ષણ ક્ષેત્રે અનેક યોજનાઓ અમલી બનાવી અને છેવાડાના વ્યક્તિ સુધી મફત શિક્ષણ પહોંચાડ્યું છે. આજે ગરીબ ઘરના દીકરા - દીકરીઓ ઉચ્ચ અભ્યાસ કરીને સરકારી સેવાઓમાં જોડાયા છે જેનાથી તેમના પરિવારને પણ સમાજમાં મોભાનું સ્થાન મળ્યું છે. તેમણે કહ્યું કે, વિધાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કાર આપવા જોઈએ તથા યોગ, પ્રાણાયમ, ધ્યાન લગાવવું જોઈએ. તેમણે વાલીઓને ટકોર કરતા જણાવ્યું કે, વિધાર્થીઓને મોબાઈલની જગ્યાએ હૂંફ અને ભણવા માટે પ્રેરિત કરવા જોઈએ. કાર્યક્રમના અંતે અધ્યક્ષશ્રી અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું તથા ગ્રામ લોકો સાથે ચર્ચા કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં આ વર્ષે આંગણવાડી, બાલ વાટિકા, ધોરણ ૧ અને ૯માં કુલ મળીને ૧.૬૫ લાખથી વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે. જિલ્લામાં આજથી ત્રણ દિવસ દરમિયાન તમામ ૧૪ તાલુકાઓમાં રાજ્ય કક્ષાના અધિકારીશ્રીઓ, જિલ્લા કક્ષાના વર્ગ ૧ અને ૨ના અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો શાળા પ્રવેશોત્સવમાં જોડાયા છે.આ શાળા પ્રવેશોત્સવમાં થરાદ પ્રાંત અધિકારીશ્રી તુષાર જાની, શાળાના આચાયશ્રીઓ, શિક્ષણગણ, સરપંચશ્રીઓ સહિત સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વાલીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે રાજભાષા વિભાગના 'સુવર્ણ જયંતિ સમારોહ'માં હાજર રહ્યા હતા.

### ભારતે ચીન-પાકિસ્તાનનો દાવ ઊંધો પાડ્યો

# SCOના જોઈન્ટ સ્ટેટમેન્ટ પર સહી કરવાની ભારતે ઘસીને ના પાડી

### આ બેઠક માટે તૈયાર થયેલા જોઈન્ટ સ્ટેટમેન્ટમાં આતંકવાદ પર ભારત સંલગ્ન ચિંતાઓને સામેલ કરવામાં ન આવી

**। (એજન્સી) શાંઘાઈ, તા.૨૬ ।**

ભારતે આતંકવાદના મુદ્દે બેવડું વલણ ધરાવતા ચીન અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. SCO સમિટમાં ભાગ લેવા ગયેલા રક્ષામંત્રી રાજનાથ સિંહે શાંઘાઈ સહયોગ સંમેલનના સંયુક્ત ઘોષણાપત્ર પર સહી કરવાની ના પાડી દીધી. ચીનના કિંગદાઓ પ્રાંતમાં યોજાયેલી આ બેઠક માટે તૈયાર થયેલા જોઈન્ટ સ્ટેટમેન્ટમાં આતંકવાદ પર ભારત સંલગ્ન ચિંતાઓને સામેલ કરવામાં ન આવી. ત્યારબાદ ભારતે કડક વલણ અપનાવ્યું. જેના કારણે જોઈન્ટ સ્ટેટમેન્ટ ઈશ્યું થઈ શક્યું નહીં. અત્રે જણાવવાનું કે



ભારતનું આ વલણ આતંકવાદ પર ઝીરો ટોલરેન્સ સૈન્ય મોરચે માંડીને કૂટનીતિક મોરચે કોઈ પણ રીતે નરમ વલણ નહીં અપનાવવા અંગેનો મોટો સંકેત છે. ભારતના ઈંકારે આતંકવાદ પર બેવડું વલણ અપનાવતા ચીનને પણ જોરદાર સબક શીખવાડ્યો છે. એસસીઓ સંમેલનમાં ભારત અને પાકિસ્તાન તથા ચીન ઉપરાંત ૧૦ દેશોના રક્ષામંત્રી ભેગા થયા હતા. આ બેઠકમાં ક્ષેત્રીય શાંતિ અને સુરક્ષા, આતંકવાદ, આતંકવાદ વિરુદ્ધ સહયોગ અને સભ્ય દેશો વચ્ચે સહયોગ મહત્વનો એજન્ડા હતો. પરંતુ જ્યારે ભારતે આતંકવાદની હાલમાં જ ઘટેલી મોટી ઘટના પહેલગામ હુમલાને તેમાં પ્રમુખતા આપવાનો પ્રયત્ન કર્યો તો ચીન અને પાકિસ્તાન મોઢું છૂપાડવા લાગ્યા. પાકિસ્તાન બલુચિસ્તાનનો મુદ્દો ઉઠાવવા લાગ્યું. આ અગાઉ રાજનાથ સિંહે આતંકવાદને સરકાર પ્રાયોજિત નીતિની જેમ અપનાવતા પાકિસ્તાન પર પરોક્ષ રીતે આકરા પ્રહારો કર્યા. તેમણે લશ્કર એ તૈયબા તરફથી કરાયલા પહેલગામ આતંકી હુમલાનો ઉલ્લેખ કર્યો.

## તેલંગાણામાં મહિલાએ રેલવે ટ્રેક પર દોડાવી કાર

**। (એજન્સી) રંગા રેડ્ડી, તા.૨૬ ।**

તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં એ સમયે અફરા-તફરી મચી ગઈ જ્યારે ઉત્તર પ્રદેશની ૩૪ વર્ષીય એક મહિલાએ પોતાની કાર રેલવે ટ્રેક પર દોડાવી દીધી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે. આ ચોંકાવનારી ઘટના શંકરપલ્લી સ્ટેશન પાસે બની હતી. વાયરલ વીડિયોમાં મહિલાની SUV રેલવે ટ્રેક પર ઝડપથી દોડતી જોઈ શકાય છે. રેલવે કર્મચારી, સ્થાનિક લોકો અને પોલીસ મહિલાને કારમાંથી કાઢવાનો પ્રયાસ કરતા વીડિયોમાં જોઈ શકાય છે. જ્યારે એકઠી થયેલી ભીડે મહિલાને કારમાંથી બહાર કાઢીને હાથ બાંધ્યા તો તે ચીસ પાડીને હાથ ખોલવા માટે કહી રહી છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, લગભગ ૨૦ લોકોની મદદથી મહિલાને બહાર કાઢવામાં આવી. તે બિલકુલ પણ સહયોગ નહોતી આપી રહી અને ખૂબ જ આક્રમક હતી. રેલવે પોલીસના એસપી ચંદના દિપ્તિએ જણાવ્યું કે, મહિલા માનસિક રીતે અસ્થિર લાગી રહી હતી. તેમણે કહ્યું કે, પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ મહિલા હાલમાં જ એક મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતી હતી.

### ભારતે ફરીથી વૈશ્વિક મંચ પર અવાજ ઉઠાવ્યો

# ભારતના એક પગલાંથી ગદગદ થઈ ગયું ઈરાન

### ભારતે જે અંદાઝમાં ઈરાનમાં પર હુમલા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે તેને જોતા આખી દુનિયા આશ્ચર્યચકિત થઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

ભારતે એકવાર ફરીથી વૈશ્વિક મંચ પર એવો અવાજ ઉઠાવ્યો છે કે આખી દુનિયા સ્તબ્ધ થઈ છે. હંમેશા તટસ્થ રહેનારું ભારત આ વખતે ઈરાન હુમલા પર ચિંતાતુર જોવા મળ્યું. સમગ્ર દુનિયાને એક સંદેશ આપ્યો કે ભારત ખોટા સાથે ઊભું નથી. ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલા એક રિપોર્ટ મુજબ બ્રિક્સ દેશો સાથે મળીને ભારતે ઈરાન પર ૧૩ જૂન ૨૦૨૫થી થઈ રહેલી સૈન્ય કાર્યવાહી પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. આ હુમલાઓને ભારતે આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનો ભંગ ગણાવ્યો છે. આ પગલાંથી ફક્ત મધ્ય પૂર્વની સ્થિતિ પર જ ભારતનું વલણ સ્પષ્ટ નથી થતું પરંતુ વૈશ્વિક શાંતિ માટે પણ તેની પ્રતિબદ્ધતા દુનિયાએ જોઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫-૬



જુલાઈના રોજ રિયો ડી જનેરિયોમાં થનારા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે. જ્યાં આ મુદ્દો વધુ વિસ્તૃત રીતે ઉઠશે. ભારતના આ વલણથી ઈરાન ખુબ ખુશ છે. ઈરાની દૂતાવાસે દિલ્હીમાં નિવેદન બહાર પાડીને ભારતના સ્વતંત્રતા પ્રેમી લોકો, રાજકીય પક્ષો, સાંસદો, સામાજિક કાર્યકરો, પત્રકારો અને ધાર્મિક નેતાઓનો હદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. દૂતાવાસે કહ્યું કે જ્યારે ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાન પર હુમલા કર્યા તો ભારતના લોકોના સમર્થન અને શાંતિ માટે તેમના અવાજે ઈરાની લોકોનો જુસ્સો વધાર્યો. બ્રિક્સના સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈરાન પર થયેલા સૈન્ય હુમલા ખાસ કરીને ફોર્ડો, ઈસ્ફહાન અને નતાંજ જેવા પરમાણુ ઠેકાણાઓ પર હુમલા, આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ છે. આ હુમલાઓએ મધ્ય પૂર્વમાં તણાવને વધુ વધાર્યો જે વૈશ્વિક શાંતિ અને અર્થવ્યવસ્થા માટે જોખમ છે. નિવેદનમાં તમામ પક્ષો સાથે વાતચીત અને કૂટનીતિ દ્વારા તણાવ ઘટાડવાની અપીલ કરાઈ. આ સાથે જ નાગરિકોના જાનમાલની રક્ષા, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાનથી બચાવવા પર ભાર આપવામાં આવ્યો. બ્રિક્સે મધ્ય પૂર્વમાં પરમાણુ હથિયારોથી મુક્ત ક્ષેત્ર બનાવવાની વાત પણ દોહરાવી. ઈરાની દૂતાવાસે પોતાના નિવેદનમાં કહ્યું કે ભારતનું સમર્થન ફક્ત રાજકીય નથી, પરંતુ તે ન્યાય, કાયદા અને વૈશ્વિક શાંતિના મૂલ્યોની પુષ્ટિ છે. ઈરાનનું માનવું છે કે ભારત જેવા દેશોની એકજૂથતા યુદ્ધ, હિંસા અને અન્યાય વિરુદ્ધ મજબૂત દીવાલ બનાવે છે. જો કે ભારતે આ અગાઉ શાંઘાઈ સહયોગ સંગઠન(SCO)ના એક નિવેદનથી પોતાને અલગ રાખ્યું હતું. જેમાં ઈઝરાયેલા હુમલાઓની ટીકા કરાઈ હતી. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ભારતે SCO ના એક નિવેદન પર ચર્ચામાં ભાગ નથી લીધો અને તેનું વલણ ૧૩ જૂનના રોજ જ સ્પષ્ટ કરી દેવાયું હતું. ભારતે ત્યારે પણ કૂટનીતિ અને વાતચીત દ્વારા શાંતિની વકીલાત કરી હતી. ભારતનું આ પ્રકારનું નિવેદન ખાસ કરીને બ્રિક્સ જેવા મંચ પર બોલવું એ નવા ભારતની કહાની દર્શાવે છે.

### રુદ્રપ્રયાગ-બદ્રીનાથ હાઈવે બસ દુર્ઘટનામાં સુરતની ૧૭ વર્ષની દીકરીનું મોત

## શ્રદ્ધાળુઓની બસ અલકનંદામાં ખાબકતા બેના મોત નિપજ્યા

**। (એજન્સી) અલકનંદા, તા.૨૬ ।**

ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગ-બદ્રીનાથ હાઈવે પર એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ધોલતીર વિસ્તારમાં એક મુસાફરોથી ખીચોખીચ બસ અલકનંદા નદીમાં ખાબકી ગઈ હતી. આ દુર્ઘટનામાં અનેક લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણકારી મળતાં જ રેસ્ક્યૂ ટીમ રવાના થઇ હતી. આ એક ટેમ્પો ટ્રાવેલર મિની બસ હતી. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના મુસાફરો સામેલ હોવાની જાણકારી મળી છે. આ મિની બસમાં કુલ ૨૦ મુસાફરો સવાર હતા જેમાંથી ૨ લોકોના મોત થયા છે જેમાં એક મૃતક ગુજરાતની છે જેનું નામ ડ્રીમી સોની જણાવાયું છે. જ્યારે હજુ ૮ લોકો ઈજાગ્રસ્ત છે. ઈજાગ્રસ્તોમાં ત્રણ ગુજરાતીઓ સામેલ છે. માહિતી અનુસાર ૧૦ લોકોની કોઈ હજુ કોઈ ભાળ મળી નથી જેમાં બે ગુજરાતી સામેલ છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં એક ટ્રાવેલ્સ અલકનંદા નદીમાં ખાબકી હતી. આ અકસ્માત ઘોલથીરમાં બદ્રીનાથ હાઈવે પર થયો હતો. આ ટ્રાવેલ્સમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના ૨૦ લોકો સવાર હતા, જેઓ ઉત્તરાખંડ ફરવા ગયા હતા. જેમાંથી ૩ના મોત થયા છે. આ બસમાં સુરતના સિલિકોન પેલેસમાં રહેતા ઈશ્વર સોની, ભાવના સોની, ડ્રીમી સોની, ભવ્ય સોની અને ચેષ્ટા સોની પણ હતા. સુરતના પર્વત પાટિયા ખાતે રહેતા પરિવારને ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ ખાતે અકસ્માત નડતા તેમના ઉપર આભ તૂટી પડ્યું. સિલિકોન પેલેસમાં રહેતા ઈશ્વરભાઈ સોની જે વિધાતા જ્વેલર્સ સાથે સંકળાયેલા છે. ઉત્તરાખંડ ખાતે તેઓ રુદ્રપ્રયાગ સહિતના ધાર્મિક સ્થળે યાત્રા કરવા માટે નીકળ્યા હતા. મળતી માહિતી મુજબ, આ અકસ્માત બદ્રીનાથ હાઈવે પર થયો છે. જ્યાં ઘોલતીર પાસે એક બસ બેકાબૂ થઈને અલકનંદા નદીમાં ખાબકી. અકસ્માત સમયે બસ પહાડ પરથી ગગડતી ગગડતી સીધી અલકનંદા નદીમાં પડી. પહાડો પર ખરાબ હવામાન અને વરસાદના કારણે નદીનો પ્રવાહ ખુબ તેજ હતો. ઘટનાની સૂચના મળતા જ એસડીઆરએફની ટીમ રેસ્ક્યૂ ઓપરેશન માટે પહોંચી ગઈ છે. સુરક્ષા એજન્સીઓ પણ ઘટનાસ્થળે છે. રાહત અને બચાવ કાર્ય ઝડપથી શરૂ કરાયું હતું. નદીના તેજ પ્રવાહના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ સમસ્યા આવી હતી.

## મુસ્લિમ મહિલાને ખુલાનો સંપૂર્ણ અધિકાર : હાઈકોર્ટ

**। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૬ ।**

તેલંગણા હાઈકોર્ટે મુસ્લિમ મહિલાઓના અધિકારો મુદ્દે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે મુસ્લિમ મહિલાઓને પણ પતિ પાસેથી તલાક (ખુલા) લેવા મંજૂરી આપી છે. જેના માટે પતિની મંજૂરી કે સહમતિની જરૂર પડશે નહીં. મહિલાને ખુલાનો અધિકાર પૂર્ણ અને સ્વતંત્ર છે. જસ્ટિસ મૌસમી ભટ્ટાચાર્ય અને જસ્ટિસ બી.આર. મધુસુદન રાવની ડિવિઝન બેન્ચે આદેશ આપ્યો હતો કે, પત્ની ખુલા ના માધ્યમથી છૂટાછેડા લઈ શકે છે. મુફ્તી તથા દાર-ઉલ-કજાના માધ્યમથી ખુલાનામા (છૂટાછેટા) લેવાની કોઈ જરૂર નથી. કારણકે, તેની ભૂમિકા માત્ર સલાહકારની છે. હાઈકોર્ટે કહ્યું કે, કોર્ટની એકમાત્ર ભૂમિકા છૂટાછેડા પર ન્યાયિક મહોર લગાવવાની છે. જે બંને પક્ષો માટે બંધનકર્તા છે. ફેમિલી કોર્ટે જોવાનું રહેશે કે, ખુલા ની દલીલ કાયદેસર છે કે નહીં. સમાધાનનો પ્રયાસ કર્યો છે કે નહીં. જો મહિલા મેહર (દહેજ) પાછું લેવાની રજૂઆત કરે તો તેને પણ ધ્યાનમાં લેવામાં આવશે. આ પ્રક્રિયા સંક્ષિપ્તમાં થવી જોઈએ અને તેમાં કોઈ વ્યાપક સુનાવણી સામેલ કરવી જોઈએ નહીં.

### મદ્રાસ હાઈકોર્ટનો એક ઐતિહાસિક નિર્ણય

## મહિલાને પાસપોર્ટ માટે તેના પતિની પરવાનગી લેવાની કોઈ જરૂર નથી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

મહિલાને પાસપોર્ટ માટે તેના પતિની પરવાનગી લેવાની જરૂર નથી. મદ્રાસ હાઈકોર્ટે એક ઐતિહાસિક નિર્ણય લેતા કહ્યું કે, પત્નીને પતિની સંપત્તિ સમજવાની માનસિકતાને ખતમ કરવાની જરૂરત છે. વાસ્તવમાં, મહિલાના પાસપોર્ટ એપ્લિકેશનને આ કારણથી રિજેક્ટ કરી દેવામાં આવ્યું હતું, કારણ કે તેમાં પતિના હસ્તાક્ષર ન હતા. કોર્ટે પાસપોર્ટ ઓફિસની આ માંગને આશ્ચર્યજનક ગણાવી અને કહ્યું કે, આ વિચાર હજુ પણ મહિલાઓને પતિની સંપત્તિ સમજવાની માનસિકતાને આગળ ધપાવી રહ્યા છે. આ મામલો એક વિવાદિત મહિલા સાથે સંબંધિત છે, જે તેના પતિ પાસેથી તલાકના કેસમાં ફસાયેલી છે. મહિલાએ એપ્રિલ ૨૦૨૫માં પાસપોર્ટ માટે એક



એપ્લિકેશન આપ્યુ હતુ, પરંતુ પાસપોર્ટ ઓફિસે આ અરજીને આગળ એટલા માટે ન મોકલાવી કારણ કે, તેમાં પતિના હસ્તાક્ષર ન હતા. જ્યારે મહિલાએ તેમને જણાવ્યું કે, તલાકનો કેસ કોર્ટમાં પેન્ડિંગ છે, ત્યારે પણ પાસપોર્ટ ઓફિસે કહ્યું કે, પતિના હસ્તાક્ષર હોવા જરૂરી છે. આ પછી, મહિલાએ વિદેશ મંત્રાલય, પાસપોર્ટ ઓફિસ અને ચેન્નાઈ પોલીસ વિરુદ્ધ મદ્રાસ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, એક મહિલા લગ્ન બાદ પણ પોતાની ઓળખ અને અધિકાર ગુમાવતી નથી.

### મહારાષ્ટ્રમાં રહેતા લોકો માટે એક સારા સમાચાર

## વીજળીના ભાવમાં ૨૬ ટકાનો ઘટાડો કરવામાં આવશે : દેવેન્દ્ર ફડણવીસ

**। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।**

મહારાષ્ટ્રમાં રહેતા લોકો માટે એક સારા સમાચાર છે. રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે બુધવારે મોડી રાત્રે કહ્યું કે આગામી પાંચ વર્ષમાં વીજળીના ભાવમાં ૨૬ ટકાનો ઘટાડો કરવામાં આવશે. પહેલા વર્ષમાં ૧૦ ટકાનો ઘટાડો થશે, જે રાજ્યના ઈતિહાસમાં પહેલી વાર થશે. ફડણવીસે કહ્યું, રાજ્યના ઈતિહાસમાં પહેલી વાર વીજળીના ભાવમાં ૧૦%નો ઘટાડો થશે અને પાંચ વર્ષમાં ૨૬%નો ઘટાડો થશે. તેમણે મહારાષ્ટ્ર વીજળી નિયમનકારી આયોગ (MERC)નો આભાર માન્યો, જેણે મહાવિતરણની અરજી સ્વીકારી. તેમણે પોતાની X પોસ્ટમાં લખ્યું છે કે પહેલા મહારાષ્ટ્ર વીજળી નિયમનકારી આયોગ (MERC) પાસે વીજળીના ભાવમાં ૧૦% વધારો કરવા માટેની અરજીઓ આવતી હતી. પરંતુ આ



વખતે મહાવિતરણ તરફથી ભાવ ઘટાડવાની માંગ કરવામાં આવી હતી, જેને સ્વીકારવામાં આવી હતી. આ ઘટાડો ત્રણેય પ્રકારના ગ્રાહકો માટે હશે - ઘરેલું, ઔદ્યોગિક અને વાણિજ્યિક. ફડણવીસે જણાવ્યું હતું કે ૧૦૦ યુનિટથી ઓછી વીજળી વાપરનારા ૭૦% લોકોને પહેલા વર્ષમાં ૧૦%નું સંપૂર્ણ ડિસ્કાઉન્ટ મળશે. આનાથી મોટાભાગના ઘરોને રાહત મળશે. મુખ્યમંત્રીએ કહ્યું કે મુખ્યમંત્રી સૌર કૃષિ વાહિની યોજના ૨.૦ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે.

## ટુ વ્હિલર ચાલકો પાસે ટોલ વસૂલવાની વાત ખોટી છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।**

હાલમાં જ એવા અહેવાલ વહેતા થયા હતા કે, કેન્દ્ર સરકાર હાઈવે મુસાફરીને લગતા નીતિનિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. આ ફેરફારોના ભાગરૂપે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરાશે એવી વાત હતી. જો કે, કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક ટ્વિટ કરીને આ વાતનું ખંડન કર્યું છે. આ પહેલા અહેવાલ હતા કે, ટુ વ્હિલર ચાલકો પાસેથી ટોલ ઉઘરાવવાનું સરકારનું પગલું તમામ નાના-મોટા વાહનોને FASTag દ્વારા ડિજિટલ ટોલ કલેક્શન સિસ્ટમના દાયરામાં લાવવાની નીતિનો એક ભાગ છે. હાલ દેશમાં તમામ હાઈવે પર ટુ-વ્હિલરને ટોલમાંથી મુક્તિ છે. તેનું કારણ એ હતું કે રસ્તાના ઘસારા પર આ વાહનોની અસર નહીવત છે. આ ઉપરાંત આ વાહનો પાસેથી ટોલ ઉઘરાવવાનો ખર્ચ પણ વધારે થાય એમ હતો. પરિણામે, ટુ-વ્હિલરને FASTag ખરીદવાની પણ કોઈ જરૂરિયાત ન હતી.



જબલપુરમાં ભારે વરસાદ હોવાથી મુસાફરો પાણી ભરાયેલા રસ્તા પરથી પસાર થઈ રહ્યા છે.

## લંડન હાઈકોર્ટમાં પહોંચ્યો આઈપીએલ ટીમનો વિવાદ

**। (એજન્સી) લંડન, તા.૨૬ ।**

IPLની ફ્રેન્ચાઈઝ રાજસ્થાન રોયલ્સમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા મનોજ બડાલેએ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા પર ગંભીર આરોપો લગાવ્યા છે. મનોજ બડાલેએ આરોપ લગાવ્યો છે કે રાજસ્થાન રોયલ્સના ભૂતપૂર્વ સહ-માલિક રાજ કુન્દ્રાએ મને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે મનોજે લંડનની હાઈકોર્ટમાં રાજ કુન્દ્રા સામે કાનૂની લડાઈ શરૂ કરી છે. બીજી તરફ, કુન્દ્રાએ આરોપોને ફગાવી દીધા છે. મનોજ બડાલે લંડન સ્થિત કંપની ઈમર્જિંગ મીડિયા વેન્ચર્સનો પ્રમુખ છે. બડાલે અને તેમની કંપની રાજસ્થાન રોયલ્સમાં ૬૫% હિસ્સો ધરાવે છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, બડાલે અને તેમની કંપની ઈમર્જિંગ મીડિયા વેન્ચર્સે કુન્દ્રા સામે કોર્ટ કેસ દાખલ કર્યો છે જેમાં તેમણે ૨૦૧૯ના ગોપનીયતા કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. રાજ કુન્દ્રાનો અગાઉ રાજસ્થાન રોયલ્સમાં ૧૧.૭%નો ભાગીદાર હતો. પરંતુ વર્ષ ૨૦૧૫માં તે IPLમાં સટ્ટાબાજીમાં દોષિત જાહેર થયતા તેને પોતાનો હિસ્સો ગુમાવવો પડ્યો હતો. આ કારણે રાજસ્થાન રોયલ્સને પણ બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ગયા મહિને રાજ કુન્દ્રાએ મનોજ બડાલેને એક ઈમેલ મોકલ્યો હતો, જેમાં તેણે દાવો કર્યો હતો કે મને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો અને ૧૧.૭% હિસ્સાના સાચા મૂલ્યથી મને વંચિત રાખવામાં આવ્યો હતો.'

# તંત્રી લેખ...

## ભારત સાથે પાકે. તમામ વિવાદ ઉકેલવા મંત્રણાની તત્પરતા દર્શાવી


પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે ભારત સાથે તમામ પડતર મુદ્દા સંદર્ભે અર્થસભર વાટાઘાટો શરૂ કરવાની તત્પરતા દર્શાવી છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાનના સંબંધો તણાવગ્રસ્ત બન્યાં છે. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે ફોન પર થયેલી વાતચીત દરમિયાન શરીફે ભારત સાથેના સંબંધો સુધારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ વાતચીત સંદર્ભે રેડિયો પાકિસ્તાને જણાવ્યુ હતું કે, શરીફે જમ્મુ-કાશ્મીર, પાણી, વેપાર અને આતંકવાદ સહિત તમામ પડતર મુદ્દે ભારત સાથે અર્થસભર વાટાઘાટો કરવાની તૈયારી દર્શાવી હતી. અગાઉ અઝરબૈઝાન અને ઈરાન મુલાકાત દરમિયાન પણ શરીફે ભારત સાથે વાટાઘાટો મારફતે ભારત સાથેના તમામ વિવાદને વાટાઘાટો મારફતે ઉકેલવાની તૈયારી દર્શાવી હતી. ભારતના વલણનો પુનરોચ્ચાર કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપવાનું બંધ ન કરે ત્યાં સુધી સિંધુ જળ સંધિનો અમલ નહીં થાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે તેમ, ટેરર અને ટોક, ટેરર અને ટ્રેડ સાથે થઈ શકે નહીં. પાણી અને રક્ત એક સાથે વહી શકે નહીં. પાકિસ્તાને એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) સાથે ૩૫૦ મિલિયન ડોલરની લોન માટે કરાર કર્યા છે. આ લોન મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે આપવામાં આવશે.

## ચીનના કિંગદાઓમાં SCO સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ

રક્ષામંત્રી રાજનાથ સિંહે ૨૬ જૂન, ૨૦૨૫ના રોજ ચીનના કિંગદાઓમાં શાંઘાઈ સહકાર સંગઠન (SCO) સંરક્ષણ પ્રધાનોની બેઠકમાં ભારતની આતંકવાદ વિરોધી નીતિની રૂપ રેખા આપી. પ્રધાનમંત્રીએ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં પરિવર્તન માટે એક વ્યાપક રોડમેપ રજૂ કર્યો અને આહ્વાન કર્યું સભ્ય દેશોએ સામૂહિક સુરક્ષા અને સંરક્ષણ માટેના આ ખતરાનો નાશ કરવા માટે એક સાથે આવવું જોઈએ. સંરક્ષણ પ્રધાનો, SCO સેક્રેટરી જનરલ, SCO રિજનલ કાઉન્ટર-ટેરરિઝમ સ્ટ્રક્ચર (RATS) ના ડિરેક્ટર અને અન્ય પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓને સંબોધતા, સંરક્ષણ પ્રધાને કહ્યું કે આ ક્ષેત્ર સામે સૌથી મોટા પડકારો શાંતિ, સુરક્ષા અને વિશ્વાસનો અભાવ છે અને વધતા કટ્ટરવાદ, ઉગ્રવાદ અને આતંકવાદ આ સમસ્યાઓના મૂળ કારણો છે. રાજનાથ સિંહે કહ્યું કે આતંકવાદ અને બિન-રાજ્ય કલાકારો અથવા સામૂહિક વિનાશના શસ્ત્રો (WMD) ધરાવતા આતંકવાદી જૂથો સાથે શાંતિ અને સમૃદ્ધિ સહઅસ્તિત્વમાં રહી શકતી નથી. આ પડકારોનો સામનો કરવા માટે નિર્ણાયક પગલાં લેવાની જરૂર છે. તેમણે કહ્યું કે જેઓ તેમના સંકુચિત અને સ્વાર્થી હેતુઓ માટે આતંકવાદને પ્રાયોજિત કરે છે, પોષે છે અને ઉપયોગ કરે છે તેમને પરિણામોનો સામનો કરવો પડશે. સંરક્ષણ પ્રધાને એમ પણ કહ્યું કે કેટલાક દેશો સરહદ પારના આતંકવાદનો ઉપયોગ તેમની નીતિ તરીકે કરે છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. આવા બેવડા ધોરણો માટે કોઈ જગ્યા હોવી જોઈએ નહીં અને SCO એ આવા દેશોની ટીકા કરવામાં અચકાવું જોઈએ નહીં. સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે ભારતે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા જઘન્ય આતંકવાદી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેમાં આતંકવાદને રોકવા અને સરહદ પારના હુમલાઓનો સામનો કરવાના પોતાના અધિકારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા દરમિયાન, પીડિતોને તેમની ધાર્મિક ઓળખના આધારે ગોળી મારી દેવામાં આવી હતી. યુએન દ્વારા નિયુક્ત આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબા (LeT)ના સહયોગી 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' એ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. તેમણે કહ્યું કે પહેલગામ હુમલાની મોડસ ઓપરેન્ડી ભારતમાં લશ્કર-એ-તોયબા દ્વારા કરવામાં આવેલા અગાઉના આતંકવાદી હુમલાઓ સાથે મેળ ખાય છે. ભારતની આતંકવાદ પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતા તેની કાર્યવાહી દ્વારા દર્શાવવામાં આવી છે. આમાં આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો અમારો અધિકાર સામેલ છે. અમે બતાવ્યું છે કે આતંકવાદના કેન્દ્રો હવે સુરક્ષિત નથી અને અમે તેમને નિશાન બનાવવામાં અચકાઈશું નહીં. રાજનાથ સિંહે સરહદ પાર આતંકવાદ સહિત આતંકવાદના નિંદનીય કૃત્યોના ગુનેગારો, આયોજકો, નાણાકીય સહાયકો અને પ્રાયોજકોને જવાબદાર ઠેરવવા અને ન્યાયના કઠેડામાં લાવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આતંકવાદના દરેક કૃત્યને ગુનાહિત અને ગેરવાજબી ગણાવ્યું. તેમણે કહ્યું કે SCO સભ્યોએ આ દુષ્ટતાની સ્પષ્ટ નિંદા કરવી જોઈએ. તેમણે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામે લડવા માટે ભારતની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી. સંરક્ષણ મંત્રીએ યુવાનોમાં કટ્ટરવાદના ફેલાવાને રોકવા માટે સક્રિય પગલાં લેવા હાકલ કરી અને આ પડકારનો સામનો કરવામાં RATS મિકેનિઝમની મહત્વપૂર્ણ ભૂમિકાને સ્વીકારી. તેમણે કહ્યું કે ભારતના અધ્યક્ષપદ દરમિયાન જારી કરાયેલ SCO કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ સ્ટેટ એન્ડ સ્ટેટનું 'આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદને પ્રોત્સાહન આપતી કટ્ટરવાદનો સામનો' પર સંયુક્ત નિવેદન આપણી સહિયારી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. રાજનાથ સિંહે આતંકવાદીઓ દ્વારા સરહદો પાર શસ્ત્રો અને માદક દ્રવ્યોની દાણચોરી કરવા માટે ડ્રોન સહિતની ટેકનોલોજીનો સામનો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ધ્યાન દોર્યું કે પરંપરાગત સરહદો હવે આ એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં જોખમો સામે એકમાત્ર અવરોધ નથી. તેમણે ભાર મૂક્યો કે વિશ્વ આંતરરાષ્ટ્રીય આતંકવાદ અને સાયબર હુમલાઓથી લઈને હાઈબ્રિડ યુદ્ધ સુધીના પડકારોના જટિલ નેટવર્કનો સામનો કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આ ધમકીઓ રાષ્ટ્રીય સીમાઓનું સન્માન કરતી નથી અને પારદર્શિતા, પરસ્પર વિશ્વાસ અને સહયોગ પર આધારિત એકીકૃત પ્રતિભાવની જરૂર છે. વર્તમાન અનિશ્ચિત ભૂરાજકીય પરિસ્થિતિમાં SCOની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેના સભ્ય દેશો વૈશ્વિક GDP માં લગભગ ૩૦ ટકા ફાળો આપે છે અને વિશ્વની લગભગ ૪૦ ટકા વસ્તીનું ઘર છે. તેમણે સલામત, સુરક્ષિત અને સ્થિર ક્ષેત્રના નિર્માણને એક સામૂહિક હિત તરીકે વર્ણવ્યું જે લોકોના જીવનમાં પ્રગતિ અને સુધારણામાં ફાળો આપી શકે છે. રાજનાથ સિંહે કહ્યું કે વૈશ્વિકરણ તેની ગતિ ગુમાવી રહ્યું છે અને બહુપક્ષીય પ્રણાલીઓના નબળા પડવાથી રોગચાળા પછી શાંતિ અને સુરક્ષા જાળવવાથી લઈને અર્થતંત્રોના પુનર્નિર્માણ સુધીના તાત્કાલિક પડકારોનો સામનો કરવો મુશ્કેલ બન્યો છે.

**વૈદિક કેલેન્ડર મુજબ, દર વર્ષે આ યાત્રા અષાઢ મહિનાના શુક્લ પક્ષની બીજથી શરૂ થાય છે અને નવ દિવસ સુધી રથયાત્રાનો આ ઉત્સવ ઉજવવામાં આવે છે**

# અષાઢ મહિનો અષાઢી બીજ કચ્છી નવું વર્ષ અને રથયાત્રાનું માહાત્મ્ય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અષાઢ મહિનાની દેવશયની એકાદશીથી ભગવાન વિષ્ણુ ચાર મહિના સુધી નિદ્રામાં જાય છે, તેથી એવું કહેવાય છે કે આ મહિનામાં ભગવાન વિષ્ણુની વિશેષ પૂજા કરવામાં આવે છે.**

ગઈકાલથી અષાઢ મહિનો શરૂ થયો.. અષાઢ ઉચ્ચારમ્,મેઘ મલ્હારમ્ બની બહારમ્,જલ ધારમ્ દાદુર ડક્કારમ્, મયુર પુકારમ્ તડિતા તારમ્, વિસ્તારમ્ના લહી સંભારમ્, પ્યારો અપારમ્ નંદકુમારમ્ નિરખ્યારી કહે રાધે પ્યારી, હું બલિહારી,ગોકુળ આવો ગિરધારી. અષાઢ મહિનામાં અષાઢી બીજ, કચ્છી નવું વર્ષ, રથ યાત્રાનું માહાત્મ્ય ભગવાન વિષ્ણુ ની પૂજા હવન વગેરે કરવાનું વિશેષ મહત્વ છે. આજે ૨૭મી જૂન ૨૦૨૫ને શુક્રવારના રોજ અષાઢ સુદ બીજ છે. આ દિવસને હિન્દુ પંચાગમાં શુભ દિવસ માનવામાં આવે છે. આ દિવસને વણજોયુ મૂહૂર્ત માનવામાં આવે છે. આ પાવન દિવસે કોઈ પણ શુભ કાર્ય શરૂ કરવું અતિ શુભ મનાયા છે. આ દિવસે જગન્નાથજીની રથયાત્રા પણ યોજાઇ છે. વૈદિક કેલેન્ડર મુજબ, દર વર્ષે આ યાત્રા અષાઢ મહિના ના શુક્લ પક્ષની બીજથી શરૂ થાય છે અને નવ દિવસ સુધી રથયાત્રાનો આ ઉત્સવ ઉજવવામાં આવે છે. અષાઢ મહિનાની દેવશયની એકાદશીથી ભગવાન વિષ્ણુ ચાર મહિના સુધી નિદ્રામાં જાય છે, તેથી એવું કહેવાય છે કે આ મહિનામાં ભગવાન વિષ્ણુની વિશેષ પૂજા કરવામાં આવે છે. કેટલાક લોકોના મતે, અષાઢ મહિનામાં શુભ કાર્યો કરવામાં આવતા નથી, તેથી કેટલાક લોકો એવું પણ માને છે કે આ મહિનો કંઈ આપતો નથી,પરંતુ શાસ્ત્રો અનુસાર, આ મહિનો ખાસ કહેવાય છે. આ મહિનામાંજગન્નાથ રથયાત્રા થાય છે. દેવશયની એકાદશી આ મહિનામાં આવે છે. ગુરુપૂર્ણિમાનો તહેવારઉજવવામાં આવે છે.આ મહિનામાં વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠનું મહત્વ જણાવવામાં આવે છે. દેવ શયની એકાદશીનુંવ્રત રાખવાથી પરિવાર માં સુખ-સમૃદ્ધિ આવે છે, લાંબા સમયથી ચાલી આવતી ઘરેલું મુશ્કેલીઓનો અંત આવે છે.આ મહિનો મિથુન રાશિ ના લોકો માટે ખાસ માનવામાં આવે છે. અષાઢ મહિનામાં સૂર્ય મિથુન રાશિમાં રહે છે, તેથી આ મહિનામાં મિથુન રાશિના લોકોને તેમના કાર્યનું અનેક ગણું ફળ મળે છે. આ મહિનો બધી ઈચ્છાઓ પૂર્ણ કરતો મહિનો માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ મહિનામાં વ્યક્તિની બધી ઈચ્છા ઓ અને લાગણીઓ પૂર્ણ થાય છે.આ સમય દરમિયાન, એવી ધાર્મિક માન્યતા છે કે અષાઢ મહિનામાં ઉપવાસ વગેરે કરવાથી ધન અને સુખ-સમૃદ્ધિનો વરસાદ થશે.આ મહિનામાં દેવશયની એકાદશી સૌથી મહત્વ પૂર્ણ માનવામાં આવે છે. અષાઢ મહિના માં આવતી ગુરુ પૂર્ણિમાનું પણ વિશેષ મહત્વ છે. એવું માનવામાં આવે છે કે ગુરુ પૂર્ણિમાએ તમારા ગુરુની પૂજા કરવાથી અપાર ધન, સુખ,સમૃદ્ધિ અને ભવ્યતા પ્રાપ્ત થશે. આ મહિનો મિથુન રાશિના લોકો માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. રથયાત્રા અથવા રથ તહેવાર પણ કહેવામાં આવે છે. આ તહેવારનું મુખ્ય કેન્દ્ર જગન્નાથ પુરી મંદિર છે, જગન્નાથ મંદિર ચાર હિન્દૂ તીર્થસ્થાનોમાંનું એક છે જે ચાર યાત્રાધામો તરીકે ઓળખાય છે, જે ઓડિશા રાજ્યમાં સ્થિત છે. જગન્નાથજી ભગવાન વિષ્ણુનું જ એક સ્વરૂપ માનવામાં આવે છે અને વૈષ્ણવ ધર્મના અનુયાયીઓ દ્વારા પણ આદરણીય છે. જગન્નાથનો શાબ્દિક અર્થ બ્રહ્માંડ નો ભગવાન છે.જેની અપેક્ષા કોઈના જીવન કાળ દરમિયાન થવાની છે. ભગવાન જગન્નાથની પૂજા તેમના ભાઈ બલભદ્ર અને તેમની બહેન દેવીસુભદ્રા સાથે કરવામાં આવે છે,કહેવાય છે કે એક વાર કૃષ્ણ તેમના ભાઈ બલરામ સાથે દ્વારકાની બહાર ગયા હતા.ત્યારે કૃષ્ણ ભગવાનની ૧૬૧૦૮ રાણીઓએ રોહિણી માતાને (બલરામની માતા) પુછ્યુ કે અમે કૃષ્ણ ભગવાનની આટલી સેવા કરીએ છેછતા કૃષ્ણ ભગવાન આખો દિવસ રાધાનું નામ કેમ લે છે. ત્યારે રોહિણી માતા બોલયા જો કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં ન પ્રવેશે તો હું કહું. રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા અને કહ્યુ કે કોઈને અંદર પ્રવેશવા ન દેતા. પછી રોહિણી માતાએ કથા ચાલુ કરી. સુભદ્રા દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે કૃષ્ણ અને બલરામ પાછા આવ્યા તો એમણે જોયુ કે સુભદ્રા દરવાજા પર કાન રાખીને ઉભા છે. કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં પ્રવેશવા ગયા તો સુભદ્રાએ તેમને રોક્યા. તો કૃષ્ણ અને બલરામ સુભદ્રાની જેમ દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા. ત્યારે અચાનક ભક્તિના ભાવને લીધે ત્રણેના હાથ અને પગ સંકોચાવા માંડ્યા અને આંખો મોટી થવા માંડી. ત્યારે કૃષ્ણ ભગવાનને મળવા નારદ મુનિ દ્વારકા આવ્યા તો તેમણે જોયુ કે કૃષ્ણ ભગવાનના હાથ અને પગ સંકોચાઇ ગયા હતા અને આંખો મોટી થઈ ગઈ હતી. નારદ મુનિએ કૃષ્ણ ભગવાનને કહ્યું કે તમારુ આ રૂપ જગતને બતાવો.તો કૃષ્ણ ભગવાને નારદમુનિને આ રૂપ ત્રેતા યુગમાં જગતને બતાવવાનુ વચન આપ્યુ. દેશમાં મુખ્ય રથયાત્રા જગન્નાથ પુરીની રથયાત્રા છે, આ ઉપરાંત બીજા અમદાવાદ અનેક શહેરોમાં આ જ દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદનાં જગન્નાથ મંદિરેથી નીકળતી રથયાત્રા ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે. દરરોજ ભક્તોએ ભગવાનનાં દર્શન કરવા ભગવાન પાસે જવું પડે છે, પરંતુ રથયાત્રાનાં દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભક્તો પાસે જાય છે. જગન્નાથ (કૃષ્ણ), સુભદ્રા અને બલરામની મૂર્તિઓનું જગન્નાથ મંદિરમાં તો આખું વર્ષ પૂજન અર્ચન કરાય જ છે પણ વર્ષમાં એક વખત, અષાઢી બીજના દિવસે, ત્રણે મૂર્તિઓને મોટા મોટા રથમાં પધરાવી બડા ડન્ડા તરીકે ઓળખાતી પુરીની મુખ્યબજારમાં થઈ આશરે ત્રણ કિ.મી.દૂર સ્થિત ગુંડિચા મંદિરે લવાયછે અને જાહેર જનતાને દર્શનનો લાભ આપવામાં આવે છે. આ રથ ખુબ જ મોટાં પૈડાંવાળા, સંપૂર્ણ કાષ્ટનાં બનેલા હોય છે. જે દર વર્ષે નવા બનાવાય છે અને તેને ભાવિક જનો દ્વારા ખેંચીને લઈ જવાય છે. જગન્નાથજીનો રથ આશરે ૪૫ ફુટ ઊંચો અને ૩૫ ફુટનો ચોરસ ઘેરાવો ધરાવતો હોય છે જેને બનાવતા બે માસ જેટલો સમય લાગે છે. મૂર્તિઓને જગન્નાથ મંદિરેથી રથ માં ગુંડિચા મંદિરે લઈ જવાય છે. જ્યાં તે નવ દિવસ સુધી રહે છે. તે પછી, મૂર્તિઓ ફરી રથ પર બિરાજીને શ્રી મંદિરે પધારે છે એને "બહુડા યાત્રા" કહે છે. આ પરત વેળાની યાત્રામાં ત્રણે રથ મૌસીમાં મંદિરે વિરામ લે છે અને ત્યાં ભાવિકો "પોડા પીઠા"નો પ્રસાદ લે છે. જગન્નાથની નગરયાત્રા જે રથમાં નીકળે છે તેનુ નામ નંદીઘોષ છે. કહેવાય છે કે આ રથ ઈન્દ્ર દ્વારા આપવામાં આવેલ છે, આ રથને સંપૂર્ણ રૂપે પીળા રંગથી શણગારવામાં આવે છે. ભાઈ બળભદ્રને મળેલ રથ તાલવનના દેવતાઓએ આપેલ હોવાથી તેનુ નામ તાલધ્વજ છે અને સુભદ્રાના રથનુ નામ પદ્માધ્વજ છે. રથયાત્રા દરમિયાન દોરડાઓ દ્વારા રથને ખેંચવાના કાર્યને એક અત્યંત ધાર્મિક કાર્ય માનવામાં આવે છે, આ માન્યતા જ વિશ્વ ભરના લાખો પ્રવાસીઓને રથ યાત્રા દરમિયાન આકર્ષે છે. અમદાવાદમાં જગન્નાથ મંદિરેથી મહંત દિલીપદાસજીના સાનિધ્ય માં સુશોભિત હાથીઓ સાથે રથયાત્રા રાજ્યના લોકોત્સવ તરીકે ઉજવાય છે. પુરી ઓડિશા અને કોલકાતાની રથયાત્રા પછી અમદાવાદની રથયાત્રાએ ત્રીજી સૌથી મોટી રથયાત્રા તહેવાર છે જે પણ તે જ દિવસે ઉજવવામાં આવે છે. ભગવાન જગન્નાથ સાધુનરસિંહ દાસના સ્વપ્નમાં આવ્યા અને તે ઘટના પછી,તેમણે ૧૮૭૮માં રથયાત્રા ઉજવવાનું શરૂ કર્યું. કલાકાર રથયાત્રા દરમિયાન તેની કળા બતાવે છે. રથો ભરૂચથી ખલાસ જાતિના ભક્તો દ્વારા નારિયેળના વૃક્ષથી બનાવવામાં આવ્યા હતા. રથો હજુ પણ તે જાતિના લોકો દ્વારા ચલાવવામાં આવે છે. જળયાત્રા જેઠ સૂદ પૂનમ પર નિકળેલ ત્યારે ભગવાન જગન્નાથ બલરામ અને સુભદ્રા પ્રતીકાત્મક રીતે મામાના ઘરે જવા સારંગપુર રવાના થાય છે તે દિવસથી મંદિર માં દર્શન બંધ થાય છે.પ્રભુની જળ યાત્રા માટે સરઘસ સાથે સાબર મતી નદી પર આવે છે અને ગંગા પૂજન કરે છે. વૈદિક મંત્રોનો જાપ કરીને ષોડષોપ ચાર પૂજન વિધિ કર્યા પછી,પ્રતીકાત્મ ક રીતે ભગવાનને તેમના મામાના ઘરે મોકલવામાં આવે છે. રથયાત્રાના બે દિવસ પહેલાં, મૂર્તિઓ પર નેત્રોત્સવની રીત યોજવામાં આવે છે. માન્યતા અનુસાર, મોસાળમાં વધુ પડતાં જાંબુ અને બોર ખઈને ભગવાનને નેત્રદાહ થઈ જાય છે. તેથી, કપડાં થી આંખો આવરીને, નેત્રોત્સવ પૂજન દરમિયાન મૂર્તિઓ માટે પ્રતીકાત્મક રીતે તેની સારવાર કરવામાં આવે છે. મંગળા આરતી સવારે ચાર વાગ્યે કરવામાં આવે છે અને સામાન્ય રીતે રથયાત્રાનું સાત વાગ્યે પ્રસ્થાન છે. પહિંદ વિધી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે.જેમાં રથયાત્રાના માર્ગની પ્રતીકાત્મક સફાઈ કરવા માં આવે છે, જેના પછી રથનો પ્રારંભ થાય છે. રથયાત્રામાં, ભગવાન જગન્નાથનો રથ પહેલો હોય છે, ત્યારબાદ સુભદ્રા અને બલરામનો રથ આવે છે. અખાડા, હાથીઓ, સુશોભિત ટ્રક અને ભજન મંડળી પણ ૧૪ કિમી લાંબી રથયાત્રામાં ભાગ લે. કચ્છી નવું વર્ષ વિક્રમ સંવત કરતાં ચાર માસ આગળ એટલે કે અષાઢ માસમાં ઉજવવામાં આવે છે. દુનિયાના દરેક ખૂણામાં કયાંય પણ વસતાં કચ્છીઓ આજે અષાઢી બીજે પોતાના કચ્છી લોકોને નવા વર્ષના વધામણા આપે છે. કચ્છભરમાં લોકો આ દિવસને હર્ષોલ્લાસ સાથે આવકારે છે.અષાઢી બીજનાં દિવસે મેઘરાજાના શુકન થાય તો ઉજવણીમાં ચારચાંદ લાગી જાય છે.અષાઢીબીજની અનોખી પરંપરા પાછળ ખેતીની વાવણીના હળ જોડવા, દરિયામાંથી સાગર ખેડુઓનું પરત આવવું અને સૌથી મોટું જનજીવનનો જેના પરસૌથી મોટો આધાર છે તે ચોમાસાની શરૂઆતની બાબતો જોડાયેલી છે. "કચ્છ એક અલગ જ પ્રદેશ છે તેની આગવી જ અસ્મિતા છે.સુકો રણ પ્રદેશ કચ્છ એટલે દરિયાદિલ પ્રદેશ, કચ્છીમાડુઓ ખૂબ જ પ્રેમાળ છે અને દર વર્ષે અષાઢી બીજને કચ્છી નવા વર્ષ તરીકે ઉજવે છે.અષાઢી બીજ એટલે કે કચ્છી પરંપરાનું નવું વર્ષ. કહેવાય છે કે વિક્રમ સંવત૧૨૩૧ માં જામ રાયધણજીએ કચ્છની સત્તા હસ્તગત કરી હતી તે સમય થી જ અષાઢીબીજ તરીકે ઉજવણી કરવામાં આવે છે અને કચ્છી નવું વર્ષ ઉજવવામાં આવે છે. કચ્છના રાજવી ખેંગારજી ત્રીજાએ પોતાની જન્મતિથીથી કચ્છી પંચાગ શરૂ કરાવ્યું હતું." રાજાશાહી સમયમાં નવા સિક્કા બહાર પડતાં "રાજાશાહીના સમયમાં આજના દિવસે કચ્છી પંચાગ બહાર પાડવામાં આવતા હતા. નવા સિક્કાઓનું પણ છાપ કામ શરૂ કરાતું હતું. નવા ચલણી સિક્કા બહાર પાડવામાં આવે છે આજના દિવસે પણ ભૂજ ખાતે દરબારગઢમાં રાજવી પરિવાર દ્વારા પુજન કરીને નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આજના આ આધુનિક સમયમાં નવા વર્ષની ઉજવણી માત્ર લોકો એકબીજાને શુભેચ્છા પાઠવીને જ કરી રહ્યા છે. પ્રાર્થના કરવામાં આવી:શિયાળે સોરઠ ભલો,ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, પાંજો કચ્છડો બારે માસ'''કચ્છી લોકો જ્યાં જ્યાં વસે છે.ત્યાં ત્યાં અષાઢી બીજના દિવસે નવા વર્ષ ની ઉજવણી ચોક્કસથી કરે જ છે.ભલેને પહેલા જેવી ઉજવણી આજે થતી નથી.પરંતુ વર્ષોપહેલા શરૂ થયેલી આ ઉજવણી આજે પણ થાયચોક્કસ રીતે થાય છે. આજે પણ લોકો એક બીજાને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે અને પ્રાર્થના કરે છે કે કચ્છડો બારેમાસ રહે અને કુદરત ની મહેર કચ્છ પર કાયમ રહે. નવું વર્ષ સુખમય આરોગ્યપ્રદ અને વિકાસશીલ બની રહેતેવી પ્રાર્થના કરવામાં આવી રહી છે. અસ્તુ.

**અષાઢ નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો હોયને અષાઢી અંબા પણ પધારી ચૂકી છે, તો આ અષાઢી બીજનું મહાત્મ્ય શું છે એ જાણીએ**

# શું કામ અષાઢી બીજને દિવસે ભગવાન જગન્નાથને નગરચર્યા કરાવવામાં આવે છે?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**અષાઢી બીજ એટલે કચ્છી ઓનું નવું વર્ષ પણ આ દિવસે શરૂ થાય છે, ૧૬૦૫ માં મહારાવ ખેંગારજી પહેલાં એ કચ્છની વિધિવત રાજ્ય તરીકે સ્થાપના કરી હતી.**

ભારતીય સંસ્કૃતિમાં જેનું ખૂબ જ મહત્વ છે, એવી અષાઢી બીજ એટલે વણ પુછ્યા મુહતનો દિવસ. ભગવાન જગન્નાથની રથયાત્રા એટલે કે નગરચર્યાનો દિવસ. ભગવાન શ્રીકૃષ્ણ બલરામ અને સુભદ્રા ત્રણેય જણાં રથમાં બેસીને નગરચર્યા કરવાં નીકળે છે. સામાન્ય રીતે ભક્ત ભગવાનના દર્શન કરવાં મંદિરમાં જતા હોય છે, પરંતુ અષાઢી બીજને દિવસે ભગવાન સામેથી બધાને મળવા આવે છે. આપણે ત્યાં આ તહેવારને બહુ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવે છે. ભારતીય પરંપરામાં લગભગ બધી જ તિથિનું આખા વર્ષ દરમિયાન ક્યાંક ને ક્યાંક મહત્વ આવે છે. જોકે આ વખતે પ્લેન ક્રેશની દુર્ઘટનાને કારણે આ તહેવાર સાદાઈથી ઉજવાશે. અષાઢ નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો હોયને અષાઢી અંબા પણ પધારી ચૂકી છે, તો આ અષાઢી બીજનું મહાત્મ્ય શું છે એ જાણીએ. અષાઢી બીજ એટલે કચ્છી ઓનું નવું વર્ષ પણ આ દિવસે શરૂ થાય છે. ૧૬૦૫ માં મહારાવ ખેંગારજી પહેલાં એ કચ્છની વિધિવત રાજ્ય તરીકે સ્થાપના કરી હતી. પરંતુ એ પછીના રાજવી એટલે કે લાખો જામ કરીને હતાં, તેમને પોતાના રાજ્યની સીમાઓ વિશે શંકા હતી, આથી કેટલાક યુવકોને સાથે લઈ તે રાજ્યની સફરે નીકળ્યાં, અને પોતાનું રાજ્ય વિસ્તૃત કરવાની ઝંખનાને અધુરી રાખી, અષાઢ આવતાં તેઓ પાછા ફર્યા, અને કહેવાય છે કે એ પાછા ફર્યા એ દિવસે અષાઢી બીજનો દિવસ હતો, અને કચ્છ જેવા વેરાન રણમાં ખૂબ જ વરસાદ થયો, અને ત્યાં આગળ હરિયાળી છવાઈ ગઈ, આથી રાજા ખૂબ જ રાજી થયાં અને તેણે સમગ્ર કચ્છમાં એવું ફરમાન કર્યું કે, આજથી કચ્છીઓ અષાઢી બીજના દિવસે જ પોતાનું નવું વર્ષ ઉજવશે. તે દિવસથી દેશ પરદેશમાં વસતા તમામ કચ્છીઓ અષાઢી બીજને દિવસે કચ્છી નવા વર્ષનો પ્રારંભ કરે છે, અને ખૂબ જ ધામધૂમ પૂર્વક આ દિવસને ઉજવવામાં આવે છે. જગન્નાથ પુરીમાં ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, અને સુભદ્રાની મૂર્તિ ધરાવતું બહુ મોટું મંદિર છે, અને જગન્નાથ પુરીમાં રથયાત્રા નીકળતી, પણ હવે ઘણાં શહેરમાં રથયાત્રા કાઢવામાં આવે છે. આખાં વર્ષ દરમિયાન તો ભગવાનની પૂજા-અર્ચના થતી જ હોય, પરંતુ અષાઢી બીજને દિવસે તેમને નગરચર્યા કરવા માટે રથમાં બેસાડીને લઈ જવામાં આવે છે. આની પાછળ પણ એક ઐતિહાસિક ઘટના જોડાયેલી છે. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં પોતાના કક્ષમાં વિશ્રામ ફરમાવી રહ્યા હતાં, અને તેની નજીકમાં રુકમણીજી પણ પોઢી રહ્યા હતાં. ભગવાન નીંદરમાં રાધા રાધા એવું બોલે છે, અને સ્વાભાવિક પણે રુકમણીજીને એ પસંદ આવતું નથી. તે ભગવાનની ૧૬૧૦૮ રાણીઓને વાત કરે છે કે, ભગવાનની આપણે આટલી સેવા ચાકરી કરીએ છીએ, પ્રેમ કરીએ છીએ, છતાં પણ ભગવાનના મનમાંથી હજી રાધાની યાદ છૂટતી નથી, અને તેનું સ્મરણ તેને સતત થાય છે. બહુ સ્વાભાવિક રીતે જ તે રાણીઓ રાધા કૃષ્ણના પ્રેમથી અજાણ હોય છે, અને રુકમણી એમને ભગવાનની કથા કહે છે, પરંતુ ભગવાન અને બલરામ બંને બહાર ગયાં હોવાથી, તે ગમે ત્યારે પાછાં આવી શકે, એટલે સુભદ્રાને મહેલના દ્વારની બહાર ઉભી રાખવામાં આવે છે. પરંતુ સુભદ્રાજીને પણ કથામાં રસ પડતાં તે દ્વાર પાસે મોઢું રાખીને અંદરની કથા સાંભળે છે, એવામાં ભગવાન અને બલરામ પણ આવે છે, અને તે પણ આ રીતે કથા સાંભળે છે, કે અંદર શું ચાલી રહ્યું છે? આ કારણે રુકમણી ના તપથી ત્રણ જણાના હાથ પગ સંકોચાવા લાગે છે, અને મોઢું આને આખ મોટા થઈ જાય છે, અને આખો માંથી પાણી નીકળવા લાગે છે, આ દિવસ અષાઢી બીજનો દિવસ હતો. તો એક બીજી દંતકથા મુજબ ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ, અને સુભદ્રા પોતાના મોસાળ જાય છે, અને ત્યાં તેમને આવો રોગ લાગુ પડે છે અને તે પાછા ફરે છે આ દિવસ અષાઢી બીજનો દિવસ હતો.ચોમાસામાં ફંગલ ઈન્ફેક્શન બહુ ઝડપથી થતું હોવાથી, હાથ પગને આંખનું બહુ ધ્યાન રાખવું,એ પણ આ નગરચર્યાનો હેતુ છે. ભગવાનનું આવું રુપ થયું ત્યારે જ કૃષ્ણ ભગવાનને મળવા નારદ મુનિ દ્વારકા આવ્યાં. તો તેમણે જોયુ કે કૃષ્ણ ભગવાનના હાથ અને પગ સંકોચાઈ ગયા હતા અને આંખો મોટી થઈ ગઈ હતી. નારદ મુનિએ કૃષ્ણ પ્રભુને કહ્યુ કે તમારુ આ રૂપ જગતને બતાવો. તો કૃષ્ણ ભગવાને નારદ મુનિને આ રૂપ કળિયુગમાં જગતને બતાવવાનુ વચન આપ્યું. ત્યારથી રથમાં બલરામ સુભદ્રા અને કૃષ્ણ જગતને બતાવવા અષાઢી બીજના દિવસે ફરવા નીકળે છે. અને જે આ રથના દર્શન કે દોરડું ખેચે તો તેને સર્વ પાપમાંથી મુક્તિ મળે છે. નગરજનો હરે કૃષ્ણ, હરે રામા,બોલી યાત્રાને મંદિર સુધી લઈ જાય છે. ઈશ્વરનું કોઈપણ રૂપ, સ્વરૂપ, હોય તે હંમેશા જીવસૃષ્ટિના ઉદ્ધાર માટેનું જ હોય છે, અને તેના દ્વારા આપણને કેટલીય શિખ પ્રાપ્ત થતી હોય છે. રામ ચરિત માનસમા પણ ભગવાનના આવા સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. બિનુ પદ ચલહી, નયન બિનુ દેખી, સુનહી બિનુ કાના.... ઈશ્વર સચરાચર વ્યાપ્ત છે, અને તેને પોતાનું કાર્ય કરવા કોઈ પણ રૂપ સ્વરૂપની જરૂર હોતી નથી, અને ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પર છે. એટલે કે માનવની જેમ જેવાં સાથે તેવાનું વર્તન તે કરતો નથી, અને એને કારણે જ આપણે આજ સુધી જીવી શકીએ છીએ. બાકી તો ઈશ્વરના અવિનાશી અંશ કહેવાતા આપણે તો, ક્યારનુંય આ પ્રકૃતિ અને અસ્તિત્વ વિશે વિચારવાનું છોડી દીધું છે, પણ એ એવું કરતો નથી, માત્ર કૃપા કરે છે. વાર ગમે તે હોય, તિથી ગમે તે હોય, અને તારીખ ગમેતે હોય, પણ આપણી માટે જો દરેકે દરેક ક્ષણ જાગૃતિ રાખવામાં આવે તો જ મહત્વની છે. બાકી તો આ સંસારરૂપી ગાડરિયા પ્રવાહમાં આપણે ભોગી તરીકે આવ્યા, અને ભોગી તરીકે જ અહીંથી જઈશું. ભોગ એક એવો રસ છે જેમાં ક્યારેય તમને સંતોષનો ઓડકાર કે પરીતૃપ્તિનો ઓડકાર આવતો નથી,હજી વધુની વૃત્તિ નિરંતર વધતી જ રહે છે. પરંતુ આ ભોગ સાથે યોગ અને જોગ જોડાય તો, આ સંસાર પણ પરમ પ્રેમને પામવા માટેનું સાધન બની શકે છે. યુગોનુ અંતર વિત્યું છતાં પણ કૃષ્ણ આપણને આજે પણ એટલા જ પ્રિય છે, અને એનું કારણ એ છે કે, એ સત્ય છે, એ જ પ્રેમ છે, અને એ જ અપરંપાર કરુણા છે, અને આપણે બધા જ જાણીએ છીએ કે એ જ, મનુષ્યનું અંતિમ લક્ષ્ય છે, છતાં પણ એ તરફ દુર્લક્ષ સેવી અને આધુનિક યુગમાં જીવી રહ્યા છીએ. જેમાંથી બહાર આવીએ તો કદાચ એ પરમ પ્રકાશના અજવાળા દેખાય. સમગ્ર સંસારને છોડી અને સન્યાસ લઈ જીવન જીવવું એ તબક્કો હવે છૂટી ગયો, એટલે કે સંસાર રુપી પરીવાર બનાવ્યો છે, તો એની જવાબદારી અદા કરતાં કરતાં હરિસ્મરણ, હરિ ભજન કરતાં કરતાં, અને બીજું નાનું મોટું થોડુંક ધ્યાન રાખીને કે જાગૃતિ રાખીએ, આપણાથી કંઈ થાય એવું નાનું મોટું અન્યનુ હિત જેમાં સમાયેલું છે, એવા થોડા કાર્યો કરતા કરતા જીવનનો આ મુકામ તય કરીશું તો ચોક્કસ પ્રેમને નામે કંઈક તો ફળશ્રુતિ આપણે પામીશું જ. કૃષ્ણના જીવનનો આજે ખાસ દિવસ છે, અને એ નિમિત્તે પુરા વિશ્વને અષાઢી બીજની ખૂબ ખૂબ વધાઈ, કચ્છીમાડુ ઓને પણ પોતાના નૂતન વર્ષની ખુબ ખુબ શુભકામના, અને આપણે જીવનમાં કંઈક કરવા આવ્યા છીએ, એ કરીને જઈએ એવા શુભ સંકલ્પથી આજે આ અષાઢી બીજના તહેવારને ઉજવીએ. ભગવાનનો બાહ્ય રથ કદાચ આપણે ન ખેંચી શકીએ, પરંતુ આંતર રથમાં બેઠેલા હરિને નિશ્ચિત મુકામ સુધી લઈ જવા કટિબદ્ધ બનીએ, અને પૂર્વની આપણી પંરપરાગત સંસ્કૃતિને એ રીતે નિભાવીએ. જય સીયારામ.

# સામંથાને છૂટાછેડામાં ૨૦૦ કરોડ મળ્યાની વાત પાયાવિહોણી

અભિનેતા નાગા ચૈતન્ય અને સામંથા રૂથ પ્રભુ એકબીજાથી અલગ થયાને ૪ વર્ષ થઈ ગયા છે. સતત ચાલતી અફવાઓને દૂર કરતા, સ્ટારની નજીકના સૂત્રોએ પુષ્ટિ આપી છે કે સામંથા રૂથ પ્રભુથી તેમના અલગ થવામાં ૨૦૦ કરોડ ભરણપોષણનો દાવો સંપૂર્ણપણે પાયાવિહોણો હતો. તેઓ ભારપૂર્વક કહે છે કે અલગ થવું ખરેખર પરસ્પર નિર્ણય હતો, પરિપક્વ રીતે છૂટાછેડા લીધા જેનાથી બંને વ્યક્તિઓ સુંદર રીતે આગળ વધી શક્યા.અભિનેતા નાગા ચૈતન્યે તેમના અંગત જીવનની આસપાસ ફેલાયેલી બધી અટકળો અને કાનાફૂસીને પાછળ છોડી દીધી છે અને તાજેતરના પોડકાસ્ટમાં શેર કર્યું છે, ‘‘અમે અમારા અલગ માર્ગો પર જવા માંગતા હતા. અમારા પોતાના કારણોસર, અમે આ નિર્ણય લીધો છે અને અમે એકબીજાનો આદર કરીએ છીએ. અમે અમારા જીવનમાં અમારી રીતે આગળ વધી રહ્યા છીએ.આ વાતની પુષ્ટિ કરતા, સામન્થા રૂથ પ્રભુએ કોફી વિથ કરણ પર આપેલા ઈન્ટરવ્યુમાં આ વિચિત્ર અફવાઓનો સીધો ઉલ્લેખ કર્યો અને કહ્યું, ‘‘મેં ૨૦૦ કરોડ ભરણપોષણ તરીકે લીધા છે. દરરોજ સવારે હું



અલગ થયાને ૪ વર્ષ થઈ ગયા છે

આવકવેરા અધિકારીઓ દ્વારા મને બતાવવાની રાહ જોતી હતી કે કંઈ નથી. પહેલા તેઓએ ભરણપોષણ વિશે વાર્તા બનાવી. પછી તેમને ખ્યાલ આવ્યો કે તે વિશ્વસનીય વાર્તા નથી લાગતી. પછી તેઓએ કહ્યું કે તે પ્રી-નપ હતી, તેથી તે ભરણપોષણ માંગી શકતી નથી.’’ પછી તેણીએ ભારપૂર્વક સ્પષ્ટતા કરી, ‘‘સત્ય એ છે કે મેં કોઈ પાસેથી એક પણ પૈસો લીધો નથી.’’નાગા ચૈતન્ય અને સામન્થા બંનેની નજીકની એક સામાન્ય મિત્ર અલગ થવાની પુષ્ટિ કરતી કહે છે, ‘‘જ્યારે બે લોકો પરસ્પર સંમતિથી અલગ થવાનું નક્કી કરે છે, ખાસ કરીને ખૂબ આદર સાથે, ત્યારે ભરણપોષણનો ખ્યાલ ફક્ત કામ કરતો નથી. તે નાણાકીય માંગણીઓ વિશે નથી પરંતુ સૌહાર્દપૂર્ણ રીતે આગળ વધવા વિશે છે. કોઈ વિવાદ પેદા કરવાને બદલે, નાગા ચૈતન્ય શાંત ગૌરવ અને સફળતા સાથે ઉભરી આવ્યા છે. મીડિયા વાર્તાઓ ઘણીવાર સનસનાટીભર્યા હોય છે, પરંતુ સત્ય સ્પષ્ટ સમયરેખા દર્શાવે છેઃ સામન્થાએ ૨૦૧૯ માં દિગ્દર્શક રાજ નિદિમોરુ સાથે સહયોગ શરૂ કર્યો હતો. બીજી બાજુ, નાગા ચૈતન્યે છૂટાછેડા પછી ફરીથી પ્રેમ શોધવાની પોતાની સફર ૨૦૨૨ માં શરૂ કરી હતી જ્યારે તે એમેઝોનના એક કાર્યક્રમમાં સુંદર શોભિતા ધુલિપાલાને મળ્યો હતો. તેમનો સંબંધ કુદરતી રીતે વિકસિત થયો હતો જે આખરે લગ્નમાં ફેરવાઈ ગયો હતો.



### અમે મળતા હતાઃ ઈશા ગુપ્તા

# હાર્દિક પંડ્યા સાથે અફેર પર એક્ટ્રેસ ઈશા ગુપ્તાનો મોટો ખુલાસો



**ઈશાએ જણાવ્યું કે વાતચીત દરમિયાન એ લાગ્યું કે બંને એક જેવા નથી અને એકબીજા માટે યોગ્ય પણ નથી**

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા તેની લવ લાઈફને લઈને ઘણી વાર ચર્ચામાં રહ્યો છે. કેટલાક દિવસો પહેલા હાર્દિક અને એક્ટ્રેસ નતાશા સ્ટેનકોવિકના છૂટાછેડા થયા હતા. બંનેનો એક દીકરો પણ છે, જે ક્યારેક નતાશા સાથે અને ક્યારેક હાર્દિકના પરિવાર સાથે રહે છે. છૂટાછેડા પછી બંને પોતપોતાના જીવનમાં આગળ વધી ગયા છે, હવે હાર્દિકનું નામ બ્રિટિશ સિંગર જાસ્મીન વાલિયા સાથે જોડાઈ રહ્યું છે, જે હાર્દિકને સપોર્ટ કરતી જોવા મળી હતી. એ સિવાય હાર્દિકનું નામ એક બોલિવૂડની જાણીતી અભિનેત્રી સાથે પણ જોડાઈ ગયું હતું. અભિનેત્રીએ હાર્દિક સાથેના અફેરના સમાચારો પર મોટો ખુલાસો કર્યો છે. બોલિવૂડ એક્ટ્રેસ ઈશા ગુપ્તા, જેની સોશિયલ મીડિયા પર મજબૂત ફેન ફોલોઈંગ છે, હાર્દિક પંડ્યા સાથે તેના અફેરના સમાચારો પણ સામે આવ્યા હતા. પણ બંનેમાંથી કોઈએ અફેરની પુષ્ટિ કરી નહોતી. પણ હવે ઈશાએ અફેરની આ વાતનો ખુલાસો કર્યો છે.બોલિવૂડની અભિનેત્રી ઈશા ગુપ્તાને પૂછવામાં આવ્યું હતું કે શું તે હાર્દિકને ડેટ કરતી હતી, જેના જવાબ આપતા પહેલા તો ઈશા હસી અને પછી કહ્યું, ‘‘ના, ડેટ નથી કર્યું. મને લાગતું નથી કે અમે ડેટિંગ કરતા હતા, પરંતુ હા, અમારી વાતચીત થતી હતી, અમારી વાતચીત ડેટિંગ સ્પેસ સુધી પહોંચી જ હતી પણ તેની પહેલા જ વાતચીત બંધ થઈ ગઈ.’ અભિનેત્રીનું માનવું છે કે ‘કોફી વિથ કરણ’માં હાર્દિકના નિવેદન બાદ તેની હાર્દિક સાથે વાતચીત બંધ થઈ ગઈ હતી. ઈશાએ જણાવ્યું કે વાતચીત દરમિયાન એ લાગ્યું કે બંને એક જેવા નથી અને એકબીજા માટે યોગ્ય પણ નથી.

# ઈટાલિયન ગ્લોબલ સિરીઝ ફેસ્ટિવલ ૨૦૨૫માં સન્માનિત કરવામાં આવી



**જેકલિને પોતાના ઇન્સ્ટાગ્રામ પર આ ઇવેન્ટની સુંદર તસવીરો શેર કરી હતી અને આ સન્માન માટે આભાર પણ વ્યક્ત કર્યો**

જેકલિન ફર્નાન્ડિઝનું તાજેતરમાં જ ઈટાલિયન ગ્લોબલ સિરીઝ ફેસ્ટિવલ ૨૦૨૫માં સન્માન કરવામાં આવ્યું છે. ઈટાલીના રિમિની ખાતે આ ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રતિષ્ઠિત એવોર્ડની ગ્રાન્ડ ઈવેન્ટની ઓપનિંગ સેરેમનીમાં ‘હાઉસફુલ ૫’ની આ એક્ટ્રેસને સન્માનિત કરવામાં આવી હતી. આ ઈવેન્ટનો હેતુ ગ્લોબલ ફિલ્મ અને ટેલિવિઝનની ઉત્તમ બાબતોને ઉજવવાનો છે.જેકલિને પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ઈવેન્ટની સુંદર તસવીરો શેર કરી હતી અને આ સન્માન માટે આભાર પણ વ્યક્ત કર્યો હતો. તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, ‘‘સિનેમા મારા માટે એક કળા છે, જે માત્ર નાર્તા નથી કહેતી પણ વિવિધ સમય, ભાષા અને પ્રદેશના લોકોને જોડવાનો એક રસ્તો છે. દુનિયા સાથે એ વહેંચવામાં મદદરૂપ થવા માટે મારી નોંધ લેવાવી એ બાબત શબ્દોથી રજૂ કરવા કરતાં ઘણી વધારે છે.’’આઈજીએસએફ દુનિયાભરનાં કલાકારોને આ રીતે સન્માનિત કરવા માટે જાણીતું છે અને આ વખતના પ્રતિષ્ઠિત એવોર્ડીઝમાં જેકલિન પણ સામેલ હતી. આ એવોર્ડથી વધુ નમ્રતા અનુભવતા પોતાની પોસ્ટમાં જેકલિને કહ્યું, ‘‘આઈજીએસ ફેસ્ટિવલમાં બધાં જ અદ્દભુત એવોર્ડીઝ સાથે રિમિનીમાં તમારા પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં સન્માન થવું એ મારા માટે ખુબ ગૌરવની વાત છે. દુનિયાભરમાં સિનેમાની ઉજવણીની ખાસ પળો માટે માન છે.’’જો જેકલિનના કામની વાત કરવામાં આવે તો, તાજેતરમાં જ જેકલિનની કોમેડી ફિલ્મ હાઈસફુલ ૫ રિલીઝ થઈ છે, જે તરુન મનસુખાની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.

### સિરીઝ અટકી જવાની વાતો પર પૂર્ણવિરામ મુકાયું

# રાજ એન્ડ ડિકેની ફિલ્મ ‘રક્તબ્રહ્માંડ’નું શૂટિંગ શરૂ

ઓટીટી પર ‘ધ ફેમિલી મેન’ હોય કે પછી ‘સિટાડેલ હની બની’ આ બધી થ્રિલર અને રસપ્રદ વેબ સિરીઝ માટે જાણીતા મેકર્સ રાજ અને ડિકેએ જે પણ સિરીઝ બનાવી છે તે સફળ રહી છે. છેલ્લાં ઘણા સમયથી તેમની નવી આવનાર સિરીઝ ‘રક્ત બ્રમ્હાંડઃ ધ બ્લડી કિંડમ’ અટકી ગઈ હોવાની અને તેમાં બજેટના પ્રશ્નો હોવાના અહેવાલો અને ચર્ચાઓ ચાલતા હતા. નેટફિલક્સ દ્વારા જ્યારથી આ સિરીઝની જાહેરાત કરવામાં આવી ત્યારથી તેના વિશે લોકોમાં ઉત્સુકતા રહી છે, તેની કાસ્ટ પણ આદિત્ય રોય કપુર, સમંથા રુથ પ્રભુ, સહીત દમદાર કલાકારો પણ છે. આ એક ઘણો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, નેટફિલક્સની આ પહેલી ફેન્ટસી સિરીઝ છે. હવે આ અંગેના કેટલાક અહેવાલો અનુસાર આ સિરીઝનો પ્લાન અલગ અલગ તબક્કમાં પૂરી કરવાનો છે. ટીમે આ સિરીઝ માટે શૂટિંગ શરૂ પણ કરી દીધું હોવાના અહેવાલો છે, પહેલાં એક ઈનડોર શિડ્યુલ થયું. હવે ટીમ સઘન આઉટડોર શૂટિંગનો તબક્કો શરૂ કરશે, જેમાં ઘણા એક્શન પેક્ડ સીન હશે.



આ અંગે રાજ અને ડિકીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘‘આ એક ખુબ મહત્વાકાંક્ષી મોટો પ્રોજેક્ટ છે, જેના ઘણા શીડ્યુલ હશે. અમારું મોટા ભાગનું ઈનડોર શીડ્યુલ પૂરું થઈ ચૂક્યું છે. હવે અમે અમારા મોટા શીડ્યુલની તૈયારી કરી રહ્યાં છીએ, જેમાંથી મોટા ભાગનું શીડ્યુલ આઉટડોર હશે. અમે બસ હવે થોડો વરસાદ અટકે અને શૂટિંગ માટે યોગ્ય વાતાવરણ મળે એ સમયની રાહ જોઈ રહ્યાં છીએ. આ સેટ અપ માટે અમારે થોડી હરિયાળીની પણ જરૂર છે. તેથી હવે અમે મોટા તબક્કાની તૈયારી કરી રહ્યાં છીએ.’’આ એક કાલ્પનિક દુનિયા પર આધારીત કથા છે, જેમાં એક કાલ્પનિક રાજ્યની વાત કરવામાં આવશે, તેમાં એક્શન, દમદાર વાર્તા અને જકડી રાખે એવા એપિસોડ સાથે જોવાનો અનોખો અનુભવ મળે એવી સિરીઝ હશે. તેમાં આદિત્ય રોય કપુર, સમંથા રુથ પ્રભુ, અલી ફઝલ અને વામિકા ગબ્બી જેવા કલાકારો હશે. આ સિરીઝ તુંબાડ ફેમ રાહિ અનિલ બર્વેએ ડિરેક્ટ કરી છે. હજુ આ સિરીઝ ક્યારે રીલીઝ થશે, તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.

### જયદીપ અહલાવતે વિવાદ છેડ્યો

# રણબીર ક્યારેય શાહરૂખ જેટલો મોટો નહીં બની શકે

બોલીવુડના જાણીતા અભિનેતા જયદીપ અહલાવતે તાજેતરમાં ફિલ્મ રામાયણ વિષે વાત કરતા કહ્યું હતું કે રણબીર કપૂર એક તેજસ્વી અભિનેતા છે, પરંતુ તે શાહરૂખ ખાન જેટલો મોટો નહીં બની શકે. જ્યારે મહાન અભિનેતાઓ અને લોકપ્રિય અભિનેતાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે, જયદીપે તે વિશે વાત કરી કે કેવી રીતે સ્ટારડમ એક મહાન અભિનેતાને પણ અનુસરી શકે છે. તેણે કહ્યું, ‘‘સબ ચીઝો કે લિયેમાં મૈં બહત છોટા ઈન્સાન હૂં. કી મૈં ખાન સર કી યા રણબીર કપૂર કી લોકપ્રિયતા કો જજ કરુ કી વો કિસ તરહ કા અભિનેતા હૈ યા કિસ તરહ કા સ્ટાર હૈ? મુઝે ઐસા મન્ના હૈ કી આંબુ હોંગા હો. હોના, સ્ટારડમ હોના એક અલગ ચીઝ હૈ, ઉસમેં અભિનેતા ભી હો સકતા હૈ. એક અભિનેતા અને સ્ટાર તરીકે શાહરૂખ કે રણબીર કપૂરની લોકપ્રિયતાનું મૂલ્યાંકન કરવા માટે હું મામૂલી વ્યક્તિ છું. મને નથી લાગતું કે તે જાણીજોઈને કરવામાં આવ્યું હતું. લોકપ્રિયતા અને સ્ટારડમ મેળવવું એ એક અલગ બાબત છે, તે પણ એક ભાગ હોઈ શકે છે.જયદીપે રણબીર અને શાહરૂખ વચ્ચે પણ સરખામણી કરી ઉમેર્યુ કે મને લાગે છે કે રણબીર કપૂર કમાલ કા અભિનેતા હૈ તેજસ્વી છે. હો સકતા હૈ કી વો શાહરૂખ ખાન જીતને બડે નહીં હો.

# બ્રેકઅપ પછી વિજય વર્મા ફરી પ્રેમમાં પડ્યો

વિજય વર્માને ફરીથી પ્રેમ મળી ગયો છે! જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, અભિનેતા હવે ફાતિમા સના શેખને ડેટ કરી રહ્યો છે. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે તાજેતરમાં જ મુંબઈના એક કાફેની બહાર પાપારાઝી દ્વારા બંનેને જોવામાં આવ્યા હતા. બંને એકબીજાને હસતા અને ગળે લગાવતા જોવા મળ્યા હતા. ત્યારથી, તેમના અફેરની ચર્ચા થઈ રહી છે.વિજય વર્મા અને ફાતિમા સના શેખનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાયરલ થયા પછી, નેટીઝન્સ આશ્ચર્ય પામી રહ્યા છે કે શું તેઓ કોઈ સંબંધમાં છે! જોકે, વિજય કે ફાતિમા બંનેમાંથી કોઈએ હજુ સુધી લિંકઅપની અફવા પર પ્રતિક્રિયા આપી નથી. પરંતુ યુઝર્સ કહે છે કે તેમની વચ્ચે ચોક્કસપણે કંઈક પાકી રહ્યું છે.જાણીતું છે કે વિજય અને ફાતિમા આગામી ફિલ્મ ‘ગુસ્તાખ ઈશ્ક’માં સાથે કામ કરી રહ્યા છે. તેનું નિર્દેશન વિભુ પુરી દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં નસીરુદ્દીન શાહ અને શારિબ હાશમી પણ છે. આ મનીષ મલ્હોત્રાના સ્ટેજ ૫ પ્રોડક્શન દ્વારા નિર્મિત ત્રીજી ફિલ્મ છે, જેની સ્થાપના તેમણે સપ્ટેમ્બર ૨૦૨૩ માં કરી હતી.વિજય અગાઉ તમન્ના ભાટિયા સાથે રિલેશનશિપ માં હતો. તેઓ નેટફિલક્સના ‘લસ્ટ સ્ટોરીઝ ૨’ માં સુજોય ઘોષના સેગમેન્ટમાં સાથે જોવા મળ્યા હતા. આ ફિલ્મ જૂન ૨૦૨૩ માં રિલીઝ થઈ હતી. ઘણા મહિનાઓથી તેમના સંબંધો વિશે અટકળો ચાલી રહી હતી, ત્યારબાદ તમન્નાએ ‘કમ્પેનિયન’ ને આપેલા ઈન્ટરવ્યુમાં આ સંબંધની પુષ્ટિ કરી હતી. પરંતુ આ વર્ષે માર્ચમાં જ્યારે તેઓ અલગ થયા ત્યારે ચાહકો ચોંકી ગયા હતા.એક સૂત્રએ જણાવ્યું હતું કે ભલે તેઓ અલગ થઈ ગયા હોય, પણ એકબીજા પ્રત્યે પરસ્પર આદર અકબંધ છે અને તેઓ મિત્ર રહેવાની યોજના ધરાવે છે. જોકે, બ્રેકઅપ પછી બંને સાથે જોવા મળ્યા નથી. રવિના ટંડનની પુત્રી રાશાની હોળી પાર્ટીમાં એક જ છત નીચે હોવા છતાં તેઓ અલગથી જોવા મળ્યા હતા.



# ચીન AIની મદદથી કુંગ ફુની ૧૦૦ ક્લાસિક ફિલ્મ ફરી તૈયાર કરશે

**આ પ્રોજેક્ટને કુંગ ફુ મુવી હેરિટેજ પ્રોજેક્ટ નામ અપાયું છે, જેમાં ૧૦૦ ક્લાસિક ફિલ્મને પુનર્જીવીત કરાશે**

કેટલાંક ચાઈનિઝ મુવી સ્ટુડિયોએ એક નવો પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેમાં તેઓ ચાઈનિઝ માર્શલ આર્ટ્સ અને કુંગ ફુની ૧૦૦ જેટલી ક્લાસિક ફિલ્મોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ફરી બનાવી રહ્યા છે. શાંઘાઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન આ અંગે જાહેરાત કરવામાં આવી છે, જેમાં તેઓ બ્રુસ લી, જેકી ચાન અને જેટ લીની ફિલ્મોને ડિજીટલી રીસ્ટોર કરશે. આ પ્રોજેક્ટને કુંગ ફુ મુવી હેરિટેજ પ્રોજેક્ટ નામ આપવામાં આવ્યું છે, જેમાં ૧૦૦ ક્લાસિક ફિલ્મને પુનર્જીવીત કરાશે, તેમાં ‘ફર્સ્ટ ઓફ ફયુરી(૧૯૭૨)’, ‘ડ્રંકન માસ્ટર(૧૯૭૮)’, ‘વન્સ અપઓન ટાઈમ ઈન ચાઈના(૧૯૯૧)’ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો હેતુ આ ફિલ્મના દૃશ્યો, અવાજ અને તેની ગુણવત્તા સુધારીને તેનાં મૂળ પાત્રો કે વાર્તાઓમાં ફેરફાર કર્યા વિના નવા ઓડિયન્સ સમક્ષ મુકવાનો છે.આ પ્રોજેક્ટની સૌથી લોકપ્રિય ફિલ્મ જોન વીની બ્લોકબસ્ટર ફિલ્મ ‘અ બેટર ટુમોરો ૧૯૮૬’ છે, જે ફરી આખી એનિમેશન ફિલ્મ તરીકે તૈયાર થઈ રહી છે. તેમાં મૂળ લીડ રોલ ચો યુન ફેટ દ્વારા કરવામાં આવ્યો હતો, તેને સાઈબરપંક સેટિંગથી રીબૂટ કરાશે. તેના મેકર્સનો દાવો છે કે આ દુનિયાની પહેલી સંપુર્ણપણે એઆઈ જનરેટેડ એનિમેટેડ ફીચર ફિલ્મ હશે.ચાઈના ફિલ્મ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ ઝેંગ પિમિને આ પ્રોજેક્ટને - ઈતિહાસના સિનેમાને શ્રદ્ધાંજલિ અન ભવિષ્ય તરફની એક છલાંગ સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે આ ફિલ્મો અમુલ્ય છે. એઆઈ તેમને નવા ઓડિયન્સ માટે આજના સમયને અનુરૂપ બનાવવામાં મદદ કરશે. શાંઘાઈ કેનશિંગ કલ્ચર એન્ડ મીડિયાના પ્રેસિડેન્ટ તીઆન મિંગના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટમાં મૂળ વાર્તાઓને વળગી રહીને માત્ર દર્શકોને સારો અનુભવ મળે તે બાબત પર ધ્યાન આપવામાં આવશે. આ ૧૦૦ મિલિયન યુઆનના બજેટ સાથે શરૂ થયેલો પ્રોજેક્ટ છે.



# ‘ઠગ લાઇફ’ ફિલ્મ ઓટીટી પર વહેલી રિલીઝ કરવા બદલ ૨૫ લાખનો દંડ

કમલ હસન અને મણિ રત્નમની ‘ધ ઠગ લાઈફ’ ૫ જુને રિલીઝ થઈ હતી, પરંતુ બોક્સ ઓફિસ પર આ ફિલ્મ નિશ્ફળ ગઈ હતી. રિલીઝ પછી આ ફિલ્મ ત્રણ અઠવાડિયા પણ થિએટરમાં ટકી શકી નહીં. ભારતભરના મોટા ભાગના થિએટરમાંથી આ ફિલ્મ ઉતરી ગઈ છે. ત્યારે હવે ફિલ્મ ઓટીટી રિલીઝ તરફ આગળ વધી રહી છે. ત્યારે થિએટર રિલીઝ અને ઓટીટી રિલીઝ વચ્ચે આઠ અઠવાડિયાના અંતરના નિયમના ઉલ્લંઘન બદલ આ ફિલ્મ પર દંડ લાગવાનો છે. કેટલાંક અહેવાલો અનુસાર, ‘ઠગ લાઈફ’ને સ્ટાન્ડર્ડ થિએટ્રિકલ વિન્ડોનું પાલન ન કરવા બદલ મલ્ટિપ્લેક્સ દ્વારા દંડ કરવામાં આવશે. સાથે જ એવા પણ અહેવાલો છે કે બોક્સ ઓફિસ પર આ ફિલ્મ ખાસ ચાલી નહીં તેથી નેટફિલક્સ દ્વારા ફિલ્મના ઓટીટીના હકોની ફી પણ ઘટાડી દેવામાં આવી છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘થિએટરમાં રિલીઝના ચાર જ અઠવાડિયામાં ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થઈ રહી છે. નેટફ્લિક્સે ઓટીટી રિલીઝની ફી ઘટાડવાનો નિર્ણય લીધા પછી આ વાટાઘાટો પણ થઈ હતી. થિએટર રિલીઝ પહેલાં આ ફિલ્મની ઓટીટી ફી ૧૩૦ કરોડ નક્કી કરવામાં આવી હતી પરંતુ પછી ફિલ્મ ખાસ ન ચાલતાં નેટફિલ્કસ ફરી ૯૦ કરોડની ફી માટે વાટાઘાટો કરવા માગતું હતું. પરંતુ પછી બંને પક્ષ ૧૧૦ કરોડની ફી પર સહમત થયા હતા, જેમાં ૪ અઠવાડિયાની વિન્ડોની વાત થઈ હતી.’’આઠ અઠવાડિયાની વિન્ડોના નિયમ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘ઉત્તર ભારતમાં આઠ અઠવાડિયાના અંતરનો કડક નિયમ છે. ઠગ લાઈફમાં આ ટાઈમલાઈનનું પાલન થયું નથી, તેથી નેશનલ મલ્ટિપ્લેક્સ ચેઈન દ્વારા તેમના પર દંડ લાગુ કરાયો છે. આ સામાન્ય રકમ જ છે, જેમાં ફિલ્મના પ્રોડ્યુસર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સે ફિલ્મનાં હિન્ગી વર્ઝનની આવકમાંથી દંડ ભરવો પડે, તેની રકમ ૨૫ લાખ નક્કી કરવામાં આવી છે.’’એવા પણ અહેવાલો છે કે કમલ હસન અને એમની ટીમ દ્વારા ‘ઈન્ડિયન ૨’ વખતે પણ આ રીતે નિયમનું ઉલ્લંઘન કરાયું હતું અને તેમણે બીજી વખત આવું કર્યું છે કે ૮ અઠવાડિયાના અંતરના વચનનું પાલન ન કર્યું. જોકે, એવી પણ ચર્ચા છે કે મલ્ટિપ્લેક્સના માલિકો હજુ ઈચ્છે છે કે ફિલ્મની ટીમ ૮ અઠવાડિયાના નિયમને વળગી રહે, પરંતુ શક્યતા ઘણી ઓછી છે, કારણ કે ફિલ્મ બહુ જલ્દી ડિજીટલ પ્લેટફર્મ પર રિલીઝ થવાની છે.



**‘ઠગ લાઇફ’ને સ્ટાન્ડર્ડ થિએટ્રિકલ વિન્ડોનું પાલન ન કરવા બદલ મલ્ટિપ્લેક્સ દ્વારા દંડ કરાશે**

# ‘આંતરરાષ્ટ્રીય નશા અને માદક પદાર્થ વિરોધી દિવસ’ નિમિત્તે જાગૃતિ માટે ડાક વિભાગ દ્વારા વિશેષ વિરૂપણ જાહેર કર્યું

## સ્વસ્થ, જાગૃત અને નશામુક્ત સમાજ ઊન્નત રાષ્ટ્ર માટે આવશ્યક : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



। અમદાવાદ, તા.૨૬ ।

“આંતરરાષ્ટ્રીય નશા અને માદક પદાર્થ વિરોધી દિવસ” નિમિત્તે લોકોને નશાની ખતરનાક અસરોથી જાગૃત કરવા અને કોઈપણ પ્રકારના નશાથી દૂર રહેવા માટે જાગૃતિ ફેલાવવાના હેતુથી ભારતીય ડાક વિભાગ દ્વારા ૨૬ જૂનના રોજ એક વિશેષ વિરૂપણ જાહેર કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા આ વિશેષ વિરૂપણ મેહસાણામાં જાહેર કરવામાં આવ્યું અને તેઓએ જણાવ્યું કે ગુજરાતના તમામ મુખ્ય ડાકઘરોમાં આ વિશેષ વિરૂપણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આ વિશિષ્ટ વિરૂપણ સ્પીડ પોસ્ટ, રજીસ્ટર્ડ પત્રો, પાર્સલો ઉપરાંત સામાન્ય પોસ્ટકાર્ડ, અંતર્દેશીય પત્રો અને કવર પર તેને ખાસ સ્ટેમ્પ તરીકે છાપવામાં આવશે, જેના માધ્યમથી લોકોમાં નશાના વિરોધમાં જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ડાક વિતરણ કરતી વખતે પોસ્ટમેનઓ પણ લોકોને નશાથી દૂર રહેવા અને તેના નુકસાન વિશે અવગત કરવાની કામગીરી કરશે, જે આ જનજાગૃતિ અભિયાનનો મહત્વપૂર્ણ ભાગ બનશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે નશો માત્ર એક વ્યક્તિની જિંદગી જ નષ્ટ કરતો નથી, પરંતુ તે આખા પરિવારની ખુશીઓ અને સમાજની શાંતિ પણ છીનવી લે છે. તેમણે લોકોને અપીલ કરી કે આંતરરાષ્ટ્રીય નશા અને માદક પદાર્થ વિરોધી દિવસના અવસર પર આપણે સૌ મળીને એ દ્દઢ સંકલ્પ કરીએ કે અમે એક સ્વસ્થ, જાગૃત અને નશામુક્ત સમાજના નિર્માણ માટે દ્રઢતાપૂર્વક આગળ વધીશું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ માહિતી આપી કે વર્ષ ૧૯૮૭માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૬ જૂનને “આંતરરાષ્ટ્રીય નશા અને માદક પદાર્થ વિરોધી દિવસ“ તરીકે જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૨૫ માટે આ દિવસની થીમ છે “અવરોધો ને તોડોઃ સૌ માટે નિવારણ, સારવાર અને પુનઃપ્રાપ્તિ”. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે નશામુક્તિ માટે સૌથી જરૂરી વાત એ છે કે આપણે પોતે એ અંગે જાગૃત બની અને આ સમસ્યાને પોતાની જવાબદારી તરીકે સમજીને પોતાને તેમજ સમાજના તમામ લોકોને આ બુરાઈથી મુક્ત કરાવીએ. તેમણે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય નશા અને માદક પદાર્થ વિરોધી દિવસ ત્યારે જ સાથર્થક બની શકે છે જ્યારે આપણે એક જાગૃત સમાજ તરીકે એકસાથે મળી ને આ દુરાચાર સામે સામૂહિક પ્રયાસ કરીએ.

# રથયાત્રાને ધ્યાનમાં રાખીને રેલવે મુસાફરોને અપીલ

। અમદાવાદ, તા.૨૬ ।

ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા ૨૭ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદમાં કાઢવામાં આવશે. આ પ્રસંગે શહેરના વિવિધ રૂટ પર ટ્રાફિક નિયંત્રણ અને રૂટ ડાયવર્ઝન કરવામાં આવશે, જેના કારણે ટ્રાફિક પ્રભાવિત થઈ શકે છે.

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝને તમામ રેલવે મુસાફરોને સંભવિત ટ્રાફિક જામને ધ્યાનમાં રાખીને સ્ટેશન માટે ઘરેથી અગાઉથી નીકળી જવા વિનંતી કરે છે જેથી તેઓ સમયસર તેમની નિર્ધારિત ટ્રેન પકડી શકે. રેલ મુસાફરોની સુવિધા અને સરળ મુસાફરી માટે આ સાવચેતી ભરી સલાહ આપવામાં આવી રહી છે. મુસાફરો પાસેથી સહકારની અપેક્ષા છે.

# અમદાવાદ મંડળથી ચાલનારી બે જોડી ક્લોન સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

। અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-પટના અઠવાડિક ક્લોન સ્પેશિયલ અને અમદાવાદ-દરભંગા અઠવાડિક ક્લોન સ્પેશિયલ ટ્રેનોના ફેરા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :-

૧. ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ-પટના અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૫ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૨ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૪૮ પટના-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૭ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૪ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૩. ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૭ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૪ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૪. ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૩૦ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૭ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### મેદસ્વિતાઃ માત્ર વજન નહીં, ઉંમર પણ વધારે છે!

# મેદસ્વિતાને કારણે વ્યક્તિની મેટાબોલિક ઉંમર વાસ્તવિક ઉંમર કરતાં વધી જાય છે – ઘડપણ જલ્દી આવે છે

## નિયમિત વ્યાયામ, સંતુલિત આહાર અને યોગ એ મેટાબોલિક ઉંમર જાળવી રાખે છે

। અમદાવાદ, તા.૨૬ ।

આજની આધુનિક જીવનશૈલીમાં મેદસ્વિતા એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા તરીકે ઊભરી રહી છે. સામાન્ય રીતે આપણે મેદસ્વિતાને ફક્ત વજન વધારાની દૃષ્ટિએ જોઈએ છીએ, પરંતુ તેનાં મૂળિયાં આપણા શરીરના આંતરિક કાર્યપ્રણાલીમાં ઊંડા ઉતરેલા છે. મેદસ્વિતા માત્ર શારીરિક દેખાવને જ નહીં, પરંતુ વ્યક્તિની ‘મેટાબોલિક ઉંમર’ને પણ સીધી અસર કરે છે, જે તેની વાસ્તવિક ઉંમર કરતાં ક્યાંય વધુ હોઈ શકે છે.

ડૉ. મધુકાંત પટેલ, એક જાણીતા નિષ્ણાત, ભારપૂર્વક જણાવે છે કે મેદસ્વિતા મુખ્યત્વે આપણી લાઈફસ્ટાઈલનું પરિણામ છે. તેઓ કહે છે કે, ‘બહારનું જમવાનું, સ્ટોર કરેલો ખોરાક, અને ખાસ કરીને અપાચ્ય ખોરાક મેદસ્વિતાનું મુખ્ય કારણ બને છે.’ આ પ્રકારનો ખોરાક માત્ર વજન જ નથી વધારતો, પરંતુ તે શરીરમાં ડાયાબિટીસ અને અજંપો જેવી સમસ્યાઓ પણ લાવે છે.

ડૉ. પટેલ મેદસ્વિતાના એક ખૂબ જ મહત્ત્વના પાસાને ઉજાગર કરે છેઃ મેટાબોલિક ઉંમર. તેઓ સમજાવે છે કે, ‘મેદસ્વિતા વ્યક્તિની મેટાબોલિક એજ - મેટાબોલિક ઉંમર - વધારી દે છે.’

પોતાના કાર્યક્ષેત્રના અનુભવો ટાંકીને તેઓ કહે છે કે, ‘મેં એવા ઘણા બાળકો અને યુવાનો જોયા છે જેઓ ૧૦-૨૦ વર્ષની ઉંમરે ૪૦-૫૦ વર્ષની મેટાબોલિક ઉંમર ધરાવતા હોય છે.’ આ એક ચોંકાવનારી વાસ્તવિકતા છે, જે દર્શાવે છે કે આપણા શરીરના આંતરિક અવયવો અને પ્રણાલીઓ વાસ્તવિક ઉંમર કરતાં ક્યાંય વધુ વૃદ્ધ થઈ રહી છે.

મેટાબોલિક ઉંમર એ એક માપદંડ છે જે દર્શાવે છે કે તમારા શરીરના કોષો કેટલી કાર્યક્ષમતાથી ઊર્જાનો ઉપયોગ કરે છે. તે તમારા શરીરના રસાયણો, સ્નાયુઓ (મસલ્સ), અને રિફ્લેક્સિસ દ્વારા નક્કી થાય છે.

જો તમારી મેટાબોલિક ઉંમર તમારી વાસ્તવિક ઉંમર કરતાં વધુ હોય, તો તેનો સ્પષ્ટ અર્થ એ છે કે તમારું શરીર વધુ મહેનત કરી રહ્યું છે અને વૃદ્ધત્વની પ્રક્રિયા ઝડપી બની રહી છે.

મેદસ્વિતા માત્ર સૌંદર્યલક્ષી સમસ્યા નથી, પરંતુ તે શરીર પર અનેક નકારાત્મક અસરો કરે છે, જે વહેલા વૃદ્ધત્વ તરફ દોરી જાય છે. મેદસ્વિતાના કારણે શરીરમાં ઈન્સ્યુલિન પ્રતિકાર વિકસી શકે છે. આ સ્થિતિમાં, કોષો ઈન્સ્યુલિન પ્રત્યે ઓછો પ્રતિભાવ આપે છે, જેનાથી બ્લડ સુગરનું સ્તર વધે છે અને મેટાબોલિઝમ ધીમું પડે છે. આ પ્રક્રિયા લાંબા ગાળે ડાયાબિટીસ અને અન્ય મેટાબોલિક ડિસઓર્ડર તરફ દોરી જાય છે.

શરીરમાં ચરબીનું પ્રમાણ વધવાથી ક્રોનિક, નીચું-સ્તરનું ઈન્ફ્લેમેશન થઈ શકે છે. આ ઈન્ફ્લેમેશન કોષોને નુકસાન પહોંચાડે છે અને વૃદ્ધત્વની પ્રક્રિયાને વેગ આપે છે, જેના પરિણામે શરીરમાં બળતરા અને રોગો થવાની સંભાવના વધે છે.

મેદસ્વિતા ઓક્સિડેટીવ સ્ટ્રેસમાં વધારો કરે છે. આનો અર્થ એ છે કે શરીરમાં મુક્ત કણો (free radicals)નું ઉત્પાદન વધે છે, જે કોષોને નુકસાન પહોંચાડે છે. આ નુકસાન ડ્ઢદ્ઢછ, પ્રોટીન અને લિપિડ્સને અસર કરી શકે છે, જે અકાળ વૃદ્ધત્વ તરફ દોરી જાય છે.

માઈટોકોન્ડ્રિયાને કોષોના ‘પાવરહાઉસ‘ કહેવાય છે, કારણ કે તેઓ ઊર્જા ઉત્પન્ન કરે છે. મેદસ્વિતાને કારણે તેમના કાર્યમાં વિક્ષેપ પડી શકે છે, જેનાથી ઊર્જા ઉત્પાદન ઘટે છે અને કોષોની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે, પરિણામે મેટાબોલિક ઉંમર વધે છે. ડૉ. મધુકાંત પટેલ ભાર મૂકે છે કે, ‘મેદસ્વિતાના શારીરિક ગેરફાયદા છે તેવી જ રીતે માનસિક ગેરફાયદાઓ પણ છે. સમય જતાં મેદસ્વિતા શારીરિક સમસ્યાની સાથે સાથે એક માનસિક તકલીફ પણ બની જાય છે.’

તેઓ ‘સ્વસ્થ મન સ્વસ્થ શરીરમાં વસે છે’ કહેવતને ટાંકીને ઉમેરે છે કે, મેદસ્વિતા વ્યક્તિના આત્મવિશ્વાસ, મૂડ અને એકંદર માનસિક સ્વાસ્થ્યને પણ નકારાત્મક રીતે અસર કરી શકે છે, જે એક ચક્ર બનાવે છે જ્યાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એકબીજાને નબળા પાડે છે.

આમ મેદસ્વિતા એ માત્ર વજન વધારાની સમસ્યા નથી, પરંતુ તે એક જટિલ સ્થિતિ છે, જે તમારા શરીરની આંતરિક ઉંમરને ઝડપી બનાવે છે અને શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસરો કરે છે.

તેઓ મેદસ્વિતા અને વધતી મેટાબોલિક ઉંમરના ઉપાય જણાવતા કહે છે કે, સ્વસ્થ જીવનશૈલી અપનાવીને અને સંતુલિત આહાર લઈ આ સમસ્યાને રોકી શકાય છે.

મેદસ્વિતાને અટકાવવા અને મેટાબોલિક ઉંમરને વધતી રોકવા માટે જીવનશૈલીમાં સકારાત્મક ફેરફારો કરવા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આમાં સંતુલિત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ, ખાસ કરીને યોગ, મુખ્ય ભૂમિકા ભજવે છે.

સૌ પ્રથમ, આહાર પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. ડૉ. મધુકાંત પટેલના જણાવ્યા મુજબ, બહારનું જમવાનું અને પ્રોસેસ્ડ ફૂડ મેદસ્વિતાનું મુખ્ય કારણ છે. તેના બદલે, તાજા ફળો અને શાકભાજી, આખા અનાજ, કઠોળ, અને ભરપૂર પ્રોટીનયુક્ત ખોરાકનો સમાવેશ કરો. ખાંડયુક્ત પીણાં અને વધુ પડતી મીઠાઈઓ ટાળો. પૂરતું પાણી પીવું પણ શરીરના મેટાબોલિઝમ માટે આવશ્યક છે.

અતિશય આહાર કરવાને બદલે, નાના અને વારંવાર ભોજન લેવાથી પાચનતંત્ર સુધરે છે અને અપચાની સમસ્યા દૂર થાય છે, જે મેટાબોલિક સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

બીજું, નિયમિત વ્યાયામ અને યોગ મેદસ્વિતા ઘટાડવા અને મેટાબોલિક ઉંમર સુધારવા માટે અત્યંત અસરકારક છે.

યોગ આસનો, જેમ કે સૂર્ય નમસ્કાર, ભુજંગાસન, ત્રિકોણાસન, અને પશ્ચિમોત્તાનાસન, શરીરના મેટાબોલિઝમને વેગ આપે છે અને ચરબી ઘટાડવામાં મદદ કરે છે. યોગ માત્ર શારીરિક જ નહીં, પણ માનસિક સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી છે, જે તણાવ ઘટાડી શકે છે. તણાવ એ પણ મેદસ્વિતા અને મેટાબોલિક ડિસઓર્ડરનું એક કારણ બની શકે છે.

નિયમિત વ્યાયામથી સ્નાયુઓ મજબૂત થાય છે, જે મેટાબોલિક રેટ વધારવામાં મદદ કરે છે. રોજિંદા જીવનમાં ચાલવું, દોડવું, સાયકલ ચલાવવી અથવા અન્ય કોઈ શારીરિક પ્રવૃત્તિનો સમાવેશ કરવો પણ ખૂબ જ ફાયદાકારક છે. આ ઉપાયો અપનાવીને તમે મેદસ્વિતાને અટકાવી શકો છો અને તમારી મેટાબોલિક ઉંમરને તમારી વાસ્તવિક ઉંમરની નજીક રાખી શકાય છે.

(ઉમંગ બારોટ, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ)

# મુખ્યમંત્રીશ્રીનાં અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં હાંસોલ પ્રાથમિક શાળામાં ઊજવાયો શાળા પ્રવેશોત્સવ

## મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓ, નિષ્ઠાવાન શિક્ષકો તથા દાતાશ્રીઓનું સન્માન કરાયું



। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

સમગ્ર રાજ્યમાં આજથી શિક્ષણના મહાયજ્ઞ એવા ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૫નો પ્રારંભ થયો છે, ત્યારે મુખ્યમંત્રીશ્રીનાં અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં હાંસોલ પ્રાથમિક શાળા નં. ૧ અને ૨માં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

શ્રીમતી અવંતિકા સિંહના હસ્તે હાંસોલ પ્રાથમિક શાળાની બાલવાટિકામાં ૫૭ બાળકોને જ્યારે ધોરણ -૧માં ૬૬ બાળકોને શાળા-પ્રવેશ અપાયો હતો. આમ, કુલ ૧૨૩ જેટલાં ભૂલકાંઓએ શિક્ષણ જગતમાં પગરવ માંડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ખાનગી શાળા છોડીને ૯ વિદ્યાર્થીઓએ આ શાળામાં પ્રવેશ લીધો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનાં અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંહે જણાવ્યું હતું કે દર વર્ષે ઊજવાતો શાળા પ્રવેશોત્સવ બાળકો, શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે, સાથે સાથે આમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવો તથા અધિકારીઓને પણ નવી ઊર્જા પૂરી પાડતો હોય છે. શાળામાં ભણતા બાળકોને જોઈને અવર્ણનીય આનંદ મળતો હોય છે. આ નિમિત્તે વિદ્યાર્થીઓની પ્રતિભા અને મહેનતને સન્માનિત કરવામાં આવે છે, જેથી બાળકોને પ્રોત્સાહન મળતું હોય છે, તથા તેમનાં માતા-પિતાને ગર્વની લાગણી અનુભવાતી હોય છે,એવું તેમણે ઉમેર્યું હતું.

બાળકો સાથે સંવાદ સાધીને શ્રીમતી અવંતિકા સિંહે જણાવ્યું કે આ સ્પર્ધાનો યુગ છે, તમારે શિક્ષક, ડૉક્ટર, પોલીસ કે કશું પણ બનવું હોય તો તમારે જ મહેનત કરવી પડશે. જીવનમાં લક્ષ્ય હોવું જોઈએ અને તેને હાંસલ કરવા માટે સતત અભ્યાસ કરવો જરૂરી છે. બાળપણથી જ નિયમિત અભ્યાસની ટેવ પાડવી જોઈએ, એવું સૂચન પણ તેમણે કર્યું હતું.

શિક્ષણ ક્ષેત્રે સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે, જેનો લાભ લઈને અભ્યાસમાં આગળ વધી ઉજ્જ્વળ કારકિર્દી બનાવવી જોઈએ, જેથી તમારા માતા-પિતાને પણ સંતોષ થાય. પોતાની ફરજ ઉપરાંત અંગત યોગદાન આપનારા શિક્ષકોની નિષ્ઠાની તેમણે પ્રશંસા કરી હતી તેમજ પ્રવેશોત્સવમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેનારા વાલીઓનો પણ આભાર માન્યો હતો તથા શાળા પ્રવેશોત્સવનો સુંદર કાર્યક્રમ યોજવા બદલ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી, શાળા પરિસરની મુલાકાત કરવામાં આવી હતી તેમજ એસ.એમ.સી.ના સભ્યો સાથે બેઠક કરવામાં આવી હતી. બાળકો દેશનું ભવિષ્ય છે, તેમના વિકાસ માટે વાલીઓ સંપૂર્ણ સહયોગ આપે એવો અનુરોધ શ્રીમતી અવંતિકા સિંહ દ્વારા એસએમસીની બેઠકમાં કરાયો હતો. શાળા પ્રવેશોત્સવના સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થિની અને વિદ્યાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા વિષયો પર વક્તવ્ય રજૂ કરાયાં હતાં.

# દેત્રોજના દામોદરીપૂરા, કુકવાવ અને હઠીપુરા પ્રા.શાળા ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી ધવલ દેસાઈએ બાળકોને શાળા પ્રવેશ કરાવડાવ્યો

। અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યભરમાં શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત તમમાં જિલ્લાઓમાં આજે પા પા પગલી માંડતા ભૂલકાઓ સહિત બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

અમદાવાદના દેત્રોજ તાલુકાના દામોદરીપૂરા, કુકવાવ અને હઠીપુરા પ્રા.શાળા ખાતે દેત્રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રી ધવલભાઈ દેસાઈએ આંગણવાડીના કુલ ૩૫ અને બાલવાટીકાના કુલ ૫૨ બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. શાળાના બાળકોને સ્ટેશનરી અને બેગ આપીને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

તાલુકા વિકાસ અધિકારીશ્રીએ આ પ્રસંગે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે સંવાદ સાધ્યો હતો તેમજ શાળાના વિકાસમાં અને બાળકોના શિક્ષણમાં તેમનું મહત્વ અને તેમની ભૂમિકા પ્રત્યે માહિતગાર કર્યા હતા.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન દેત્રોજ તાલુકાના ગામોમાં ‘એક પેડ માં કે નામ ૨.૦’ અને પ્લાસ્ટીક પ્રદૂષણ અંતર્ગત તમામ બાળકોને જાગૃત કરવામાં આવ્યા હતા તથા પર્યાવરણ સંરક્ષણ વિશે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોને મિશન લાઈફ અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

આ પ્રસંગે દેત્રોજ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવણીનો સંદેશ પાઠવ્યો હતો.

ત્રણેય ગામોમાં શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સરપંચ શ્રી, સ્થાનિક આગેવાનો સહિત ગ્રમજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દેત્રોજના નાના કરણપુરા, લક્ષ્મીપુરા(દે) અને ગમાનપુરા ખાતે મામલતદાર શ્રી ડી.જી.ચાવડાએ ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો

। અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યભરમાં તારીખ ૨૬ જૂનથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થયો છે. અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકામાં તાલુકા મામલતદાર શ્રી ડી.જી.ચાવડાએ નાના કરણપુરા, લક્ષ્મીપુરા(દે) અને ગમાનપુરા પ્રાથમિક શાળા ખાતે ભૂલકાઓને શાળા પ્રવેશ કરાવ્યો હતો. નાના કરણપુરા પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકામાં ૧૩ બાળકોને, ધોરણ ૧ માં ૧૩ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. લક્ષ્મીપુરા(દે) બાલવાટિકામાં ૬ બાળકોને અને ધોરણ ૧ માં ૮ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ગમાનપુરા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૧૦ બાળકોને અને ધોરણ ૧માં ૧૨ બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે મામલતદારશ્રીએ વાર્તાલાપ કર્યો હતો તેમજ શાળા અને બાળકોના અભ્યાસ માટે જરૂરી બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ‘એક પેડ માં કે નામ ૨.૦’ અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. લાંબા ગાળાના લાભો ધરાવતા પ્રૉજેક્ટ્સ પર તમારે કામ કરવું જોઈએ.

**સિંહ (મ,ટ) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે.

**તુલા (ર,ત) :**

તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા માનસિક શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. તેને ટાળો કેમ કે બેચેની ભય તથા ચિંતાનો દરેક કણ તમારા મગજ પર વિપરિત અસર કરી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે. આજે કરેલું રોકાણ લાભદાયી નીવડશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે- આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ.

**ન્યૂઝ બ્રિફ**

### મેક્સિકોના હિંસાગ્રસ્ત રાજ્યમાં ડાન્સ પાર્ટી વચ્ચે ગેંગવોર ફાટી નીકળ્યું



। (એજન્સી) મેક્સિકો, તા.૨૬ ।

આ ઘટના મેક્સિકોના હિંસાગ્રસ્ત રાજ્ય ગુઆનજુઆટોમાં બની હતી. આ રાજ્યમાં ગેંગવૉરની અનેક ઘટનાઓ જોવા મળે છે. મેક્સિકોમાં સ્ટ્રીટ વાયલન્સનો ડરામણો ઈતિહાસ રહ્યો છે. તાજેતરની ઘટના મુજબ ગુઆનજુઆટોના ઈરાપુઆટો શહેરમાં ગોળીબાર ત્યારે કરવામાં આવ્યો હતો જ્યારે સ્થાનિકો સેન્ટ જોન બેપટિસ્ટના સન્માનમાં ડાન્સ કરી રહ્યા હતા અને દારૂ પાર્ટી કરી રહ્યા હતા. ઓનલાઈન શેર કરાયેલા વીડિયોમાં દેખાય છે કે ગોળીબાર શરૂ થયા બાદ ગભરાયેલા લોકો વચ્ચે અફરા તફરી મચી ગઈ હતી. ઈરાપુઆટોના એક અધિકારી રોડોલ્ફો ગમેજ સર્વેન્ટ્સે પુષ્ટી કરી હતી કે મૃતકોની સંખ્યા વધીને ૧૨ થઈ ચૂકી છે. જોકે ઘાયલોની સંખ્યા ૨૦ જણાવાઈ રહી છે.

### ઝારખંડમાં ૫૦ હજાર મૃત લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાંથી આખરે હટાવાયા

। (એજન્સી) ઝારખંડ, તા.૨૬ ।

દેશમાં મૃતકોના નામે રાશન લેવાના કૌભાંડનો ચોંકાવનારો ખુલાસો થયો છે. કેન્દ્ર સરકારના આદેશ બાદ વિવિધ રાજ્યોમાં રાશનમાં નામો અંગે ચકાસણી થઈ રહી છે, જેમાં ઝારખંડમાં ૫૦ હજાર મૃત લાભાર્થીઓના નામ રાશન કાર્ડમાંથી હટાવાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાંથી બનાવટી રાશન કાર્ડની પુષ્ટી થયા બાદ ૨.૩૬ લાખ રાશન કાર્ડ રદ કરવામાં આવ્યા છે. તપાસમાં ખુલાસો થયો છે કે, ૨.૩૬ લાખ બનાવટી રાશનકાર્ડ ધારકો ઘણા વર્ષોથી રાશનનો લાભ લઈ રહ્યા છે. રાશન કાર્ડની તપાસમાં એવા લોકોના નામ પણ છે, જેઓ બિહાર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, પશ્ચિમ બંગાલ અને ઓડિશાનું પણ રાશન કાર્ડ ધરાવે છે. આવી સ્થિતિમાં સક્ષમ હોવા છતાં બનાવટી રાશન કાર્ડ બનાવી મફત રાશનનો લાભ ઉઠાવનારા લોકોની સંખ્યા હજારોમાં હોઈ શકે છે. અનેક મામલ સામે આવ્યા બાદ ખાદ્ય, જાહેર વિતરણ અને ગ્રાહક બાબતો વિભાગે બનાવટી રાશન કાર્ડ રદ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વાસ્તવમાં કેન્દ્ર સરકારે ઝારખંડ સરકારને ૨,૫૪,૮૫૭ મૃતક લાભાર્થીઓની યાદી સોંપી હતી અને ચકાસણી કર્યા બાદ રાશન કાર્ડમાંથી નામ હટાવવાનો આદેશ આપ્યો છે.

**સ્પિનર કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરવાની માંગણી**

# ભારતીય ટીમના કંગાળ દેખાવ બાદ શાર્દુલને હટાવવાની માંગણી

## ઇંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ હાર્યા બાદ ભારત બીજી ટેસ્ટમાં કુલદીપ યાદવને સમાવે તેવી માંગ કરાઈ છે

। (એજન્સી) લંડન, તા.૨૬ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે અને તેની પહેલી ટેસ્ટમાં લીડ્ઝ ખાતે મંગળવારે ઈંગ્લેન્ડ સામે ભારતનો પાંચ વિકેટે પરાજય થયો હતો. ભારતના કંગાળ દેખાવની આકરી ટીકા થઈ રહી છે ત્યારે બીજી જુલાઈથી શરૂ થઈ રહેલી બીજી ટેસ્ટમાં મોટા ફેરફાર થાય તેવી અપેક્ષા રખાય છે. ખાસ કરીને ઝડપી બોલર શાર્દુલ ઠાકુરને સ્થાને સ્પિનર કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરાય તેવી માગણી થઈ રહી છે. મેચ



બાદ ચીફ કોચ ગૌતમ ગંભીરે કેપ્ટન શુભમન ગિલના આ મેચમાં શાર્દુલને ઓછી ઓવર આપવાના નિર્ણયનો બચાવ કર્યો હતો પરંતુ બીજી ટેસ્ટમાં તેની પસંદગી થાય તેવી શક્યતા ખાસ દેખાતી નથી.ડિસેમ્બર ૨૦૨૩ બાદ શાર્દુલ ઠાકુર પહેલી વાર ટેસ્ટ રમી રહ્યો હતો જેમાં તેને અન્યની સરખામણીએ ઓછી ઓવર આપવામાં આવી હતી. જોકે તેણે બેટિંગમાં પણ નિરાશ કર્યા હતા. ઓલરાઉન્ડર મનાતા ઠાકુરે મેચમાં બંને ઈનિંગ્સમાં મળીને ૨૦ બોલ રમીને પાંચ રન કર્યા હતા. મેચ દરમિયાન એક સ્પેશિયાલિસ્ટ બોલર તરીકે રમતો હોવા છતાં શાર્દુલને જે રીતે ઓછી ઓવર અપાઈ તેનાથી આશ્ચર્ય સર્જાયું હતું. મુંબઈના આ બોલરે પ્રથમ ઈનિંગ્સમાં છ અને બીજી ઈનિંગ્સમાં દસ ઓવર બોલિંગ કરી હતી.

**બીજી ઈનિંગ્સમાં ૧૯ ઓવર બોલિંગ કરવા છતાં એકેય વિકેટ લઈ શક્યો ન હતો**

# પરાજય છતાં બુમરાહ અંગેના પ્લાનમાં કોઈ ફેરફાર નહીં થાયઃ ગૌતમ ગંભીર

## ઇંગ્લેન્ડ સામેની સિરીઝમાં જસપ્રીત બુમરાહ ત્રણ ટેસ્ટ જ રમશે અને તેમાં પરિવર્તનની શક્યતા નથી

। (એજન્સી) લીડ્ઝ, તા.૨૬ ।

ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન ભારતનો એક માત્ર લડાયક બોલર જસપ્રિત બુમરાહ પાંચમાંથી ત્રણ ટેસ્ટ રમવાનો છે અને આ મૂળ પ્લાનમાં પ્રથમ ટેસ્ટના પરાજય છતાં કોઈ ફેરફાર થશે નહીં તેમ મંગળવારે રાત્રે પૂરી થયેલી મેચને અંતે ટીમના ચીફ કોચ ગૌતમ ગંભીરે જણાવ્યું હતું. હેડિંગ્લે ખાતે રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં જસપ્રિત બુમરાહ ભારતનો એક માત્ર એવો બોલર હતો જે ઈંગ્લેન્ડના બેટર્સ પર



પડકાર આપી શકે તેમ હતો. જોકે મંગળવારે ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ્સ દરમિયાન બુમરાહ પણ ખાસ કાંઈ કરી શક્યો ન હતો અને ૧૯ ઓવર બોલિંગ કરવા છતાં એકેય વિકેટ લઈ શક્યો ન હતો. ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે ગઈ તે અગાઉથી જ વર્કલોડ મેનેજમેન્ટના ભાગરૂપે એવો નિર્ણય લેવાયો હતો કે બુમરાહ પાંચમાંથી ત્રણ જ ટેસ્ટ જ રમશે. ગંભીરના મતે હવે આ પ્લાનમાં કોઈ ફેરફાર કરાશે નહીં. મેચ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ગંભીરે જણાવ્યું હતું કે અમે આ પ્લાનમાં કોઈ પરિવર્તન કરવાના નથી. અમારા માટે તેનો (બુમરાહનો) વર્કલોડ મેનેજ કરવો વધારે મહત્વની બાબત છે કેમ કે આગળ જતાં ઘણું ક્રિકેટ રમવાનું બાકી છે.



છત્તીસગઢના બસ્તર જિલ્લાના જગદલપુરમાં સાયકલ સવારો વરસાદથી બચવા માટે હાથમાં છત્રી પકડીને સાયકલ ચલાવતા નજરે પડે છે.

**ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં મજબૂત ગ્રોથ : RBI**

# વૈશ્વિક પડકારો છતાં અર્થવ્યવસ્થા મજબૂત ગતિએ વધી રહી છે આગળ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જૂન બુલેટિનમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતની ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં આર્થિક ગતિવિધિઓ મજબૂત બની છે. બુલેટિનમાં પ્રકાશિત અર્થવ્યવસ્થાની સ્થિતિ શીર્ષક હેઠળના અહેવાલમાં જણાવ્યું હતું કે, વેપાર નીતિની અનિશ્ચિતતાઓ અને જિઓ-પોલિટિકલ તણાવ વધતાં વૈશ્વિક અર્થવ્યવસ્થામાં અસ્થિરતાનો માહોલ સર્જાયો છે. પરંતુ ભારતનું અર્થતંત્ર મજબૂત ગતિ સાથે આગળ વધી રહ્યું છે. વધતી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે મે, ૨૦૨૫ માટે વિભિન્ન ઉચ્ચ આવર્તન સૂચકાંકો ભારતના ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં મજબૂત આર્થિક પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, મોટાભાગના મુખ્ય પાકોના ઉત્પાદનમાં કૃષિ ક્ષેત્રે વ્યાપક વધારો જોવા મળ્યો છે. ઉપરાંત, સ્થાનિક ભાવની સ્થિતિ પણ અનુકૂળ રહી છે. મે મહિનામાં સતત ચોથા મહિને એકંદર ફુગાવો લક્ષ્યાંકથી નીચે રહ્યો છે.

# દોહિત્રીની છેડતીની ફરિયાદ રદ કરવા હાઇકોર્ટનો સ્પષ્ટ ઇનકાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

એક મહત્ત્વપૂર્ણ કેસમાં હાઈકોર્ટે ચાર વર્ષની દોહિત્રીની છેડતી કરનાર નાના સામેની ફરિયાદ રદ કરવાનો ઈન્કાર કર્યો છે. આ કેસમાં આરોપી વૃદ્ધની દીકરી અને તેના પતિ વચ્ચે સમાધાન થઈ જતાં ફરિયાદ રદ કરવાની દલીલ હાઈકોર્ટે ફગાવી હતી અને એવી ટકોર કરી હતી કે, પતિ-પત્ની વચ્ચે સમાધાનથી છુટાછેડા થઈ ગયા હોવાથી આરોપી સામેનો ગુનો માફ કરી શકાય નહીં. આ કેસમાં વર્ષ ૨૦૧૯માં વડોદરાના મકરપુરા પોલીસ સ્ટેશને ચાર વર્ષની બાળકીના પિતાએ પોતાની પત્ની અને સાસુ તેમજ સસરા સામે IPC અને POCSO એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. જેને રદ કરવા અગાઉ આરોપી પત્ની અને સાસુએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને હાઈકોર્ટે મંજૂર રાખી હતી. જોકે, સસરાએ કરેલી અરજી પરત ખેંચી હતી. હાઈકોર્ટે સસરાને ફરી અરજી કરવાની સ્વતંત્રતા આપી નહોતી ત્યારે ફરિયાદના પાંચ વર્ષ પછી જાતે ફરિયાદી પિતાએ તેના સસરા વિરુદ્ધ કરેલી ફરિયાદ અને ત્યારબાદ શરૂ થયેલી કાયદાકીય પ્રક્રિયા રદ કરવા અરજી કરી હતી. જોકે, હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. આ કેસની વિગત એવી છે કે, અરજદારના આક્ષેપ મુજબ તેની પત્ની એક કરતા વધુ લગ્નેતર સંબંધો ધરાવતી હતી. જેથી બંને વચ્ચે ઝઘડો થતા તે તેના પિયરમાં રહેવા ચાલી ગઈ હતી. તેમના બે સંતાનો આઠ વર્ષીય પુત્ર અને ચાર વર્ષીય પુત્રીને પણ તે સાથે લેતી ગઈ હતી. પુત્રના જન્મદિને પતિ બાળકોને મળવા પત્નીના ઘરે ગયો ત્યારે તેના આઠ વર્ષના પુત્રે જણાવ્યું હતું કે, નાના તેની ચાર વર્ષની બહેનને ગુપ્તાંગો પર અયોગ્ય રીતે સ્પર્શ કરતા હતા. જ્યારે તેણે વિરોધ કર્યો તો નાનાએ તેને માર મારીને ધમકાવી હતી. આથી અરજદારે વર્ષ ૨૦૧૯માં પત્ની, સાસુ અને સાસરા સામે વડોદરાના મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

**વાયનાડમાં પૂર વચ્ચે ભૂસ્ખલનનું જોખમ**

# હિમાચલમાં વરસાદે તબાહી મચાવી કુલ્લુમાં વાદળ ફાટતાં ૧૦નાં મોત

। (એજન્સી) શિમલા, તા.૨૬ ।

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં મૂશળધાર વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદ અને પૂરને લીધે ૧૦ લોકોના મોત નિપજ્યાં છે. ગડસા વિસ્તારના સૈંજ અને શિલાગઢમાં જીવાનાલા અને રેહલા બિહાલમાં વાદળ ફાટતા ભીષણ પૂર આવ્યું હતું. જેમાં અનેક ઘરો, એક શાળાની ઈમારત, કનેક્ટિંગ રસ્તાઓ અને નાના પુલોને નુકસાન પહોંચ્યું છે. મનાલી અને બંજરમાં પણ અચાનક પૂર બિયાસ અને સતલજ નદીના પાણીના સ્તરમાં વધારો થયો છે. જમ્મુ અને કાશ્મીરના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે પાણીના સ્તરમાં અચાનક વધારો થતાં તાવી નદીમાં ૯ લોકો ફસાયા હતા. જેમને પોલીસ અને એસડીઆરએફ ટીમો દ્વારા સંયુક્ત કામગીરીમાં બચાવી લેવામાં આવ્યા હતા. બચાવ કામગીરી કામગીરી પાણીમાં ફસાયેલા ઘોડાઓનું પણ રેસ્ક્યુ કરાયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે વરસાદને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ત્રણ કલાકથી વધુ સમય સુધી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો.વાયનાડઃ છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદને કારણે વાયનાડના મુંડક્કાઈ-ચૂરલમાલા ક્ષેત્રમાં ફરીથી પૂર અને ભૂસ્ખલનની આશંકા વધી ગઈ છે. એક વર્ષ પહેલા જ ત્યાં ભયંકર ભૂસ્ખલનમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. જિલ્લા અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે ચુરલમાલા નદીમાં ભારે પૂર આવ્યું છે અને કાદવવાળું પાણી વહી રહ્યું છે. સ્થાનિકોએ જંગલ વિસ્તારોની અંદર ભૂસ્ખલનનો દાવો કર્યો છે પરંતુ અધિકારીઓએ એવી કોઈ પુષ્ટિ કરી નથી. તેમણે કહ્યું કે, કાટમાળ વરસાદ સાથે નીચે આવી રહ્યો છે.

# સીધા અમેરિકા સુધી પ્રહાર કરી શકે તેવી બેલેસ્ટિક મિસાઈલ બનાવે છે પાકિસ્તાન

## પાક. અત્યારે ૧૭૦ પરમાણુ બોમ્બ ધરાવે છે પરંતુ તેણે ન્યુક્લિયર નોન પ્રોસીફરેશન ટ્રીટી (અને.રિ.ટી) ઉપર હસ્તાક્ષર કર્યા નહીં

। (એજન્સી) લાહોર, તા.૨૬ ।

અમેરિકા સુધી પહોંચે તેવા પરમાણુ બોમ્બ ધરાવતાં ટોચકાંવાળા ઈન્ટરકોન્ટીનન્ટલ બેલાસ્ટિક મિસાઈલ્સ બનાવવામાં પાકિસ્તાન વ્યસ્ત છે. તેમ અમેરિકાની જાસૂસી સંસ્થાઓએ એનેસી ફોરેન અફેર્સ કમીટીને આપેલા રિપોર્ટમાં જણાવ્યું છે. તે રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, 'ઓપરેશન સિંદૂર' પછી પાકિસ્તાને તેનો પરમાણુ બોમ્બ જથ્થો વધારવા પણ ગતિવિધિ હાથ ધરી છે. જ્યારે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ બનાવવામાં ચીન તેને સહાય કરી રહ્યું છે.અહેવાલમાં તેમ પણ કહેવામાં કે આવા અમેરિકા સુધી પહોંચે તેમાં આઈસીબીએમ બનાવવા પાછળનો પાકિસ્તાનનો હેતુ બહુ સ્પષ્ટ છે તે એ કે જો ભારત સાથે યુદ્ધ થાય તો અમેરિકા ભારત તરફે આવતા અચકાય.પાકિસ્તાનની આ કાર્યવાહીને અનુલક્ષીને અમેરિકા હવે તેને પરમાણુ શસ્ત્ર ધરાવતાં વિરોધી રાષ્ટ્રની યાદીમાં મુકી દે તે સંભાવના પૂરેપૂરી દેખાઈ રહી છે જે કોઈ દેશ પરમાણુ શસ્ત્ર



ધરાવે અને અમેરિકાનો વિરોધ કરે તેની યાદીમાં અત્યારે રશિયા, ચાયના અને નોર્થ કોરિયા છે, હવે પછી તેમાં પાકિસ્તાનનું નામ જોડાય તે સંભવિત છે.અનામી રહેવા માગતા અમેરિકાના એક વરિષ્ટ અધિકારીએ કહ્યું હતું કે જો પાકિસ્તાન આઈ.સી.બી.એસ. ધરાવશે તો પાકિસ્તાનને 'પરમાણુ બોમ્બ ધારક વિરોધી'ની યાદીમાં મુકવા સિવાય અન્ય વિકલ્પ જ નહીં રહે. ૨૦૨૨માં પાકિસ્તાને ૨૭૦૦ કી.મી.ની રેન્જ ધરાવતા શાહીન-૩ પ્રકારના મિસાઈલ્સનો ટેસ્ટ કર્યો હતો. તે મિસાઈલ્સ ભારતનાં મોટા ભાગનાં શહેરોને આવરી લે તેવા છે.અમેરિકા પાકિસ્તાનની આ કાર્યવાહીને ચિંતાપૂર્વક જોઈ રહ્યું છે. તેણે પાક.ના કહેવાતા 'નેશનલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ'ની ઉપર અમેરિકા બાજનજર રાખી રહ્યું છે.

**ઈઝરાયલ ૭ સૈનિકોના મોત બાદ ભડક્યું**

# ગાઝામાં આડેધડ હુમલામાં વધુ ૭૯ લોકોના જીવ લીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઈરાન સાથે યુદ્ધવિરામ બાદ હવે ઈઝરાયલે ગાઝા પર હુમલા વધારી દીધા છે. ગાઝામાં ઈઝરાયલના સાત સૈનિકના મોત બાદ ઈઝરાયલ વધુ ભડક્યું હતું અને પેલેસ્ટાઈનના ગાઝામાં નાગરિકો પર હુમલા કરી દીધા હતા જેને કારણે ૭૯ લોકોના મોત નિપજ્યા હતા. અગાઉ ઈઝરાયલના સાત સૈનિકોના મોત નિપજ્યા હતા જે ઈઝરાયલી સૈન્ય પર તાજેતરનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે.

પેલેસ્ટાઈનના એક હુમલાખોરે વિસ્ફટકોથી ભરેલા વાહન સાથે ઈઝરાયલી સૈન્ય પર હુમલો કર્યો હતો. જેથી ઈઝરાયલ ફરી ઉશ્કેરાયું છે અને ગાઝા પર હુમલા શરૂ કરી દીધા છે.૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા ઈઝરાયલ પર હુમલા કરાયા હતા જે બાદથી ઈઝરાયલ ગાઝા પર હુમલા કરતુ આવ્યું છે. અમેરિકાએ અનેક વખત શસ્ત્રવિરામનો પ્રયાસ કર્યો જે નિષ્ફળ રહ્યો. ઈઝરાયલના બ્રિ. જનરલ એફી ડેફરીને કહ્યું હતું કે ગાઝામાં ખાન યુનિસ શહેરમાં ઈઝરાયલી સૈન્ય પર હુમલો કરાયો હતો જેમાં કેટલાકના મોત નિપજ્યા છે. હમાસ સાથે ઘર્ષણ દરમિયાન અત્યાર સુધીમાં ઈઝરાયલના ૮૬૦ સૈનિકો માર્યા ગયા છે જ્યારે ઈઝરાયલના હુમલાઓમાં પેલેસ્ટાઈનના



૫૬૦૦૦થી વધુ નાગરિક માર્યા ગયા છે, ઈઝરાયલે ગાઝાને કાટમાળમાં ફેરવી નાખ્યું છે. ઈરાન સાથે યુદ્ધ શાંત થયા બાદ હવે ઈઝરાયલે ગાઝા તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે અને ફરી હુમલા શરૂ કરી દીધા છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે હિઝબુલ્લાહ માટે ફન્ડિંગનું કામ કરતો હયાતમ બાકરી અમારા હુમલામાં માર્યો ગયો છે. તે ઈરાન સમર્થક હિઝબુલ્લાહ માટે લેબેનોનનમાં ફન્ડિંગ, નાણાકીય લેવડ દેવડનું સંચાલન કરતો હતો.

ગાઝામાં ઈઝરાયલ દ્વારા ફરી રાહત કેમ્પો પર હુમલા કરાયા હતા, અહીંયા ફૂડ વિતરણ પર કરાયેલા હુમલામાં ૭૯ લોકો માર્યા ગયા હતા. જેમાંથી ૩૩ લોકો જ્યારે ભોજન લઈ રહ્યા હતા ત્યારે માર્યા ગયા હતા. ગાઝાનો મૃત્યુઆંક ૫૬૧૫૬એ પહોંચ્યો છે જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. બીજી તરફ ઈઝરાયલ માન્ય સંસ્થાઓ દ્વારા ગાઝામાં ફૂડ વિતરણ કેન્દ્રો ચલાવાઈ રહ્યા છે તેને અમેરિકાના ટ્રમ્પ પ્રશાસન દ્વારા ૩૦ મિલિયન ડોલર એટલે કે આશરે અઢી અબજ રૂપિયાની સહાય કરવામાં આવશે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શસ્ત્ર વિરામ થઈ ગયું હોવા છતા પણ સ્થિતિ થાળે નથી પડી. ઈઝરાયલ માટે જાસૂસી કરવા અને હત્યાનું કાવતરુ ઘડવા બદલ ઈરાને ત્રણ લોકોને ફાંસીએ લટકાવી દીધા હતા. ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસ્સાદ માટે આ ત્રણેય લોકો કામ કરતા હોવાનો તેમના પર આરોપ હતો. જ્યારે ઈઝરાયલ માટે જાસૂસી કરવા બદલ ઈરાને યુદ્ધ વચ્ચે કુલ ૭૦૦ લોકોની ધરપકડ કરી હોવાના અહેવાલો છે. ઈરાનમાં જાણિતા લોકોની હત્યામાં હથિયારો પુરા પાડવાનો પણ આ ત્રણ લોકો પર આરોપ હતો. ત્રણેય સામે કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવી હતી અને બુધવારે સવારે ઉરમિયા શહેરમાં તેમને ફાંસીએ લટકાવી દેવાયા હતા. ત્રણેય આરોપીઓની ઈરાન દ્વારા તસવીરો પણ જાહેર કરવામાં આવી છે. વધુ ત્રણ સાથે છેલ્લા ૧૦દિવસમાં ઈરાન દ્વારા કુલ છ લોકોને ફાંસીએ લટકાવાયા છે. જ્યારે ઈઝરાયલી મીડિયાનો દાવો છે કે ઈરાને છેલ્લા ૧૨ દિવસમાં ૭૦૦ લોકોની ધરપકડ કરી છે.

આ તમામ લોકો પર ઈઝરાયલ સાથે સાંઠગાંઠનો આરોપ લગાવવામાં આવ્યો છે. જ્યારે ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે જ્યારથી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સામસામે યુદ્ધ શરૂ થયું હતું.

# 'ઈરાન બહાદુરી સાથે યુદ્ધ લડ્યું' ટ્રમ્પનું ઈઝરાયલને ખૂંચે તેવું નિવેદન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ૧૨ દિવસના યુદ્ધ બાદ સીઝફાયરની જાહેરાત કરવામાં આવી છે. બંને દેશો વચ્ચેના યુદ્ધમાં અમેરિકાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અમેરિકાના હુમલામાં ઈરાનના પરમાણુ પ્લાન્ટને ભારે નુકસાન થયું છે. આ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'ઈરાનને તેના પુનર્નિર્માણ માટે પૈસાની જરૂર પડશે. આ સમસ્યા ક્રૂડ દ્વારા દૂર કરી શકાય છે. યુદ્ધ હમણાં જ ત્યાં સમાપ્ત થયું છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

**સામાખ્યાલી–ગાંધીધામ સેક્શનને ચારગણું કરવાના સંબંધમાં એપ્રોચીઝ સહિત ૮ લેન રોડ ઓવરબ્રિજનું બાંધકામ**

**ઈ–ટેન્ડર નં.** ડેપ્યુ.સીઈ–સી– IV–એસઆઈઓબી–જીઆઈએમ–૦૩: **(i) કામનું નામ તેના સ્થળ સહિતઃ** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝનના સામાખ્યાલી–ગાંધીધામ સેક્શનને ચારગણું કરવાના સંબંધમાં ભચાઉ–ચીરઈ સ્ટેશનો વચ્ચે કિ.મી. ૭૬૫/૮–૯ ખાતે હાલના ROB ને બદલે એપ્રોચીઝ અને અન્ય પરચુરણ કામ સહિત ૮ લેન રોડ ઓવર બ્રિજીસ (રેલવે હિસ્સો ૧ x ૭૨.૦m સ્પાન) નું બાંધકામ. **પૂર્ણ કરવાનો સમયગાળોઃ** ૧૮ (અઢાર) મહિના ચોમાસા સાથે. **(ii) કામની અંદાજિત પડતરઃ** ₹ ૨૩૬,૬૦,૬૦,૮૭૨.૨૦ **(iii) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** પોર્ટલ પર અપલોડ કર્યા મુજબ **(iv) બીડ/સુધારેલ બીડ જમા કરાવવાનું બંધ થવાની તારીખ અને સમયઃ** તા.૧૭–૦૭–૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઈ–ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.૧૭–૦૭–૨૦૨૫ ના ૧૫:૩૦ કલાક પછી કોઈ પણ સમયે ટેન્ડર ખોલાશે. **(vi) (i)** તમામ ટેન્ડરર્સે પરિશિષ્ટ–V માં આપેલ મુજબનું સોગંદનામું જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મુલ્યાંકન કરવામાં આવશે જમા કરાવવાનું રહેશે. **(ii)** ટેન્ડરના પેરા નં. ૬.૦ મુજબ તમામ ટેન્ડરરોએ ટેન્ડરની સાથે બીડ સિક્યોરીટી ડેકલેરેશન જમા કરાવવું જરૂરી છે. **(vii) વેબસાઈટ વિગત અને નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ** યોગ્યતા માપદંડ સહિતની ટેન્ડરની સંપૂર્ણ વિગતો પશ્ચિમ રેલવેની વેબસાઈટ www.ireps.gov.in ઉપર ઉપલબ્ધ છે. ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ) IV ની ઓફીસ, નિર્માણ ભવન, પહેલો માળ, 'C' વિંગ, જીસીએસ હોસ્પિટલ સામે, નરોડા રોડ, ડીઆરએમ ઓફિસ પાસે, અમદાવાદ–૩૮૨૩૪૫. કોઈપણ સ્પષ્ટતાના મામલામાં ફર્મ ઉપરોક્ત ઓફિસ ખાતે કામકાજના સમયે વ્યક્તિગત રૂપે અથવા અધિકૃત મોબાઈલ નં. ૯૭૨૪૦૯૩૨૫૨ પર સંપર્ક કરી શકે છે.

CPM-018

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

### મુખ્યમંત્રીએ પ્રવેશ મેળવનારા બાળકો સાથે વડીલ વાત્સલ્ય ભાવે સહજ સંવાદ કર્યો

# મહીસાગર જિલ્લામાંથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ

। (એજન્સી) મહીસાગર, તા.૨૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાળા, શિક્ષક અને શિક્ષણની ત્રિવેણીથી શિક્ષણનો વ્યાપ વધુને વધુ વિસ્તારીને સમાજ વિકાસ દ્વારા વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું ભાવિ તૈયાર કરવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩થી શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવના ૨૩માં ચરણનો રાજ્યવ્યાપી પ્રારંભ મહીસાગરના કડાણા તાલુકાની દિવડા પીએમસ્કૂલથી કરાવતા મુખ્યમંત્રીએ આ નેમ દર્શાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાલવાટિકા, આંગણવાડી, પ્રાથમિક શાળા અને ધોરણ ૯માં બાળકોનું નામાંકન કરાવ્યું હતું અને શૈક્ષણિક કીટ ભેટ આપી તેમને શાળામાં આવકાર્યા હતા. મુખ્યમંત્રીએ પ્રવેશ મેળવનારા બાળકો સાથે વડીલ વાત્સલ્ય ભાવે સહજ સંવાદ કરીને તેમના ઘર-પરિવારની વિગતો પણ મેળવી હતી. મુખ્યમંત્રીએ આ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલિન મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં શરૂ કરાવેલા લોકહિતના બધા કાર્યક્રમો અપાર સફળતા પામ્યા છે અને તેના સુખદ પરિણામો જોવા મળે છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાને ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો ત્યારે ડ્રોપ આઉટ રેઈટ ૩૫ ટકા જેટલો હતો તે ઘટાડીને ૦.૮૫ ટકા એટલે કે ૧ ટકાથી પણ નીચે લઈ જવામાં સફળતા મળી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે શાળામાં પ્રવેશ લેનાર બાળકો અભ્યાસ છોડી ન દે તેની પૂરતી કાળજી લીધી છે. પરિવારની આર્થિક તકલીફને કારણે અભ્યાસમાં અગવડ ન થાય તે માટે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાથી સરકાર આવા બાળકોની પડખે ઊભી રહે છે.

તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં આવે તેની દરકાર પણ સરકારે લીધી છે. એટલું જ નહીં, શિક્ષકો પણ જો કોઈ બાળક એકાદ દિવસ ગેરહાજર રહે તો તેના ઘરે જઈને ગેરહાજરીના કારણો જાણે છે. સરકારની વ્યવસ્થાઓમાં જન જનની ભાગીદારી હોય તો સૌને લાભ મળે અને સાથે જ ૧૦૦ ટકા પરિણામ આવે તેવા અભિગમથી તેમણે વાલીઓને પણ જીસ્ઝમાં સક્રિય થવાનો અનુરોધ કર્યો હતો. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' ના મંત્રને ચરિતાર્થ કરીને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થવા તેમણે સૌને હાંકલ કરી હતી.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શુભારંભ પ્રસંગે કે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૩ થી શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

### રથયાત્રામાં પહેલીવાર AI ટેક્નોલોજીથી રખાશે દેખરેખ

# અમદાવાદમાં આજે ૧૪૮મી વાર્ષિક જગન્નાથ રથયાત્રામાં નીકળશે

### ભાવિકો કાગડોળે નાથની નગરચર્યાની રાહ જોઈ રહ્યા છે ત્યારે એ પહેલા ભગવાને સોનાવેશ ધારણ કર્યો હતો

।(એજન્સી) અમદાવાદ, તા.૨૬।

ગુજરાતની સૌથી મહત્ત્વ પૂર્ણ ધાર્મિક શોભાયાત્રાઓમાંની એક એવી જગન્નાથ રથયાત્રા આવતીકાલે ૨૭ જૂને નીકળવાની છે, ત્યારે ૧૪૮મી વાર્ષિક જગન્નાથ રથયાત્રામાં સુરક્ષાને લઈને અમદાવાદ શહેર પોલીસ દ્વારા સંપૂર્ણ તૈયાર કરી લીધી છે. જ્યારે આજે (૨૬ જૂન) ભગવાને સોના વેશ ધારણ કર્યા છે, જેમાં જગન્નાથ ભગવાને આભૂષણ અને સોનાનો મુગટ ધારણ કર્યા છે, ત્યારે દર્શન માટે ભક્તોની ભીડ જોવા મળી હતી.

અમદાવાદમાં આવતીકાલે શુક્રવારે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળવાની છે. આ વર્ષે ઉત્સવ કમિટી દ્વારા બાળકોને ભગવાન અને માતાજીની વેશભૂષા ધારણ કરીને રથમાં બેસાડીને પછી રથને મંદિરમાં લાવીને પૂજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત રીતે રથયાત્રા પહેલા ગજરાજ અને રથ પૂજન વિધિ કરાઈ છે.

મંદિરમાં રથ પૂજન પહેલા બાળકોને ગણેશ, મહાદેવ, નવદુર્ગા વિવિધ ભગવાન-માતાજીના શણગાર ધારણ કરીને રથને મંદિર પ્રાંગણમાં લઈ ગયા બાદ પૂજન વિધિ કરાઈ હતી. બીજી તરફ, રથયાત્રા દરમિયાન ભગવાનના મોસાળ સરસપુરમાં ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

## વસ્ત્રાલમાં મિક્સર ટ્રકની અડફેટે શિક્ષિકા ૨૦ ફૂટ ઢસડાતાં મોત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

શહેરમાં ભારે વાહનો બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી અનેક અકસ્માતોની ઘટના બને છે. પૂર્વ વિસ્તારમાં પોલીસની રહેમ નજર હેઠળ ચાલતા ભારે વાહનોનો ત્રાસ વધી રહ્યો છે. તેવામાં વધુ એક વાર ભારે વાહનની અડફેટે આવેલી મહિલાનું મોત નિપજ્યું છે. વસ્ત્રાલના દેવસ્ય સ્ટેટસ પાસેથી એક્ટિવા સવાર શિક્ષિકા પસાર થતી હતી. ત્યારે મિક્સર ટ્રકના ચાલકે ટક્કર મારતા મહિલા શિક્ષિકા આશરે ૨૦ ફુટ ઢસડાઈ હતી અને ટાયર નીચે આવી જતા મોત નિપજ્યું હતું. આઈ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી ભારે વાહન ચાલકની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

## નર્મદા સાયબર સેલના પોલીસ કોન્સ્ટેબલે કરોડોનું સાયબર ફ્રોડ આચર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

નર્મદા સાયબર સેલનો પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ ચૌધરીએ કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ કર્યું હોવાનું સામે આવ્યું છે. આ મામલે નર્મદા જિલ્લા પોલીસ વડાને ફરિયાદ દાખલ કરવા માટે રાજપીપળા ટાઉન પીઆઈને સુચના આપી હતી. રાજપીપળા પોલીસ મથકમાં સાયબર સેલના પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ ચૌધરી સામે સાયબર ફ્રોડનો ગુનો દાખલ કર્યો છે. હાલ નર્મદા પોલીસે લક્ષ્મણ ચૌધરી સસ્પેન્ડ કરી દીધો છે.ગુજરાતના ગુહ વિભાગે પોલીસ વિભાગનું સાયબર સેલ લોકોની સાયબર ફ્રોડની ત્વરિત ફરિયાદનો નિરાકરણ લાવે છે. ત્યારે નર્મદા જિલ્લા સાયબર સેલના જ એક પોલીસ કોન્સ્ટેબલ કરોડો રૂપિયાનું સાયબર ફ્રોડ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. રાજપીપળા પોલીસ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર, છેલ્લા એકાદ વર્ષથી રાજપીપળા પોલીસના સાયબર સેલમાં કામ કરતા પોલીસકર્મી લક્ષ્મણ ચૌધરી કોઈની પણ ફરિયાદ વગર જિલ્લાના અન્ય પોલીસ અધિકારીઓની જાણ બહાર સરકારી મેલ આઈડી પરથી જે પણ માલેતુજાર હોય એના બેન્ક ખાતા બંધ કરવા માટે જે તે બેન્કોને મેલ દ્વારા જાણ કરતો હતો.

# દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર સોની દ્વારા ઝાલોદની ત્રણ શાળામાં બાળકોનો પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

આજરોજ ૨૬-૦૬-૨૦૨૫ ગુરુવારના રોજ દાહોદ જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ દાહોદ જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય નરેન્દ્ર સોની દ્વારા ત્રણ શાળામાં માંડલીખૂંટા, બી.એમ. હાઈસ્કૂલ, મણીબેનમા બાળકોનનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજેલ હતો.

બી.એમ.હાઈસ્કૂલ ખાતે નરેન્દ્ર સોની આવતા બાલિકાઓ દ્વારા તેમનું સ્વાગત પુષ્પ આપીને કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ નિમિત્તે ઉપ સ્થિત સહુ મહેમાનોને આવકારવામા આવ્યા હતા. સ્કૂલની બાલિકા દ્વારા શિક્ષણ વિષે મહત્વ સમજાવ્યું ત્યાર બાદ દિપ પ્રાગટય સાથે પ્રોગ્રામની શરૂઆત કર્યા બાદ પ્રાર્થના ગીત અને બાલિકાઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુ મહેમાનોનુ શાબ્દિક સ્વાગત બી.એમ.હાઈસ્કૂલના આચાર્ય યુક્તિબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્કૂલની બાલિકા દ્વારા સ્વચ્છતા જાગૃતિ વિશે સુંદર સમજ આપેલ હતી. સ્કૂલના બાળકોને અભ્યાસનુ સાહિત્ય તેમજ આંગણવાડીના બાળકોને બેગ, રમકડાં, ચોકલેટ જેવી વસ્તુઓ આપી પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લા મહામંત્રી તેમજ શિક્ષણ સમિતિના સભ્ય નરેન્દ્ર સોની દ્વારા બાળકોને અભ્યાસ અંગે પ્રેરણા મળે અને અભ્યાસ પ્રત્યે સજાગ બને તે માટે પ્રેરક ઉદ્બોધન આપતા કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બાળકોમા ભણતર વિશે જાગૃતિ આવે તે માટે દરેક જિલ્લાની સ્કૂલોમા ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાના આગેવાનો દ્વારા શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાઈ હતી. દાહોદ જિલ્લામાં નરેન્દ્ર મોદી દ્વારા ગરબાડા તાલુકાની સ્કૂલમા પ્રવેશોત્સવ પ્રથમ વખત યોજ્યો હતો અને એ બાળકો જ્યારે મોટા થયા તે સમયે દાહોદ જિલ્લામાં નરેન્દ્ર મોદી આવતા એ બાળકોને મળ્યા પણ હતા. નરેન્દ્ર સોનીએ કહ્યું કે બાળકોના જીવન ઘડતર માટે આજે અભ્યાસ ખૂબ જરૂરી છે તેમજ આજના યુગમાં અભ્યાસ કરવા માટે શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરતા દરેક વર્ગ મહત્વના છે. શિક્ષણ પ્રત્યે જાગૃતિ અને સભાનતા એ તમારું ભવિષ્યનુ નિર્માણ કરે છે. સરકાર દ્વારા નાની નાની સ્કૂલોને પ્રોત્સાહન આપવા માટે તેમજ નાના નાના બાળકોને રમત ગમત તેમજ સ્કૂલ સાહિત્ય આપી બાળકોને પ્રોત્સાહન આપી ભણતર વિશે જાગૃતિ લાવવી જોઈએ. શિક્ષણ થી જીવન સુધરે છે તેમજ શિક્ષણ વિષે સજાગતા કેળવોતો તમારું ભવિષ્ય સુધરે. આમ બાળકોને શિક્ષણ વિષે અનેક મુદ્દાઓ પર પ્રેરણા નરેન્દ્ર સોની દ્વારા આપવામાં આવી હતી.

આભાર વિધિ સ્કૂલના શિક્ષક એમ. એમ.પટેલ દ્વારા કરવામાં આવી હતી તેમજ દેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દાહોદ જિલ્લાના નરેન્દ્ર સોની હમેશાં કોઈ પણ સારા કાર્યો માટે તૈયાર રહે છે તેમ કહી ઉપસ્થિત સહુ મહેમાનોનુ સ્વાગત કરાયું હતું. છેલ્લે શાળામાં વૃક્ષા રોપણ પણ કરવામાં આવેલ હતું.

આજના પ્રવેશોત્સવ પ્રોગ્રામમાં કેળવણી મંડળના પ્રમુખ અતુલ પટેલ, ઉપપ્રમુખ હેમલ પંચાલ, આચાર્ય યુક્તિ પટેલ તેમજ આમંત્રિત મહેમાનો ભરત શ્રીમાળી, મયુર પંચાલ, દિનેશ પંચાલ, સંતોષ ભગોરા બળવંત ખોડ વિશેષ ઉપસ્થિત રહેલ હતા.

## અમદાવાદ મંડળથી ચાલનારી બે જોડી ક્લોન સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

। અમદાવાદ, તા.૨૬ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-પટના અઠવાડિક ક્લોન સ્પેશિયલ અને અમદાવાદ-દરભંગા અઠવાડિક ક્લોન સ્પેશિયલ ટ્રેનોના ફેરા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :-

૧. ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ-પટના અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૫ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૨ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૪૮ પટના-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૭ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૪ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૩. ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૨૭ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૪ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

૪. ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને પહેલાં ૩૦ જૂન ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે આ ટ્રેન ૭ જુલાઈ ૨૦૨૫ થી અન્ય સૂચના સુધી ચાલશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## કાંકરેજના સુદ્રોસણ ગામે બનાસ નદીના પટ્ટમાં પશુ ચરાવતા યુવક પર આકાશી વીજળી પડતાં મોત

। (પ્રતિનિધી) થરા, તા.૨૬ ।

કાંકરેજ તાલુકામાં કાળઝાળ ગરમી બફારથી લોકો અબોલ જીવો ત્રાહિમામ પોકારી ગયા હતા ત્યાં ગઈકાલે અષાઢ મહિના પ્રથમ દિવસે વહેલી સવારે કાળાં ડીબાંગ વાદળો ચડી આવ્યાં હતા ને હાડ ધ્રુજાવતી વીજળી અને કડાકા ભડાકા સાથે ઝરમર ઝરમર વરસાદ ચાલુ થયો હતો જાણવા મળતી માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના સુદ્રોસણ બનાસ નદી પટ્ટમાં પોતાના ઢોર પશુ ચરાવવા ગયેલ ગામના અલ્પેશજી અમરતજી ઠાકોર ઉમર આશરે ૨૪ વર્ષીય પર અચાનક આકાશી વીજળી પડતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું.

આ ઘટનાની જાણ તલાટી મામલતદાર તેમજ વહીવટી તંત્રને કરવામાં આવી છે.

મૂર્તકની લાશને થરા જે.વી.શાહ સરકારી હોસ્પિટલમાં લાવી પીએમ કરી તેના વાલી વારસને સોંપવામાં આવી હતી.અષાઢ મહિનાના પહેલા દિવસે જ આવી ગોઝારી ઘટના બનતા નાનકડા સુદ્રોસણ ગામમાં તથા આજુબાજુના શોકની કાલિમા છવાઈ ગઈ હતી. કાળાં ડીબાંગ વાદળો મેઘ ગર્જના વીજના ચમકારા જ બાકી વરસાદ નહી પડતાં એ જ ગરમી બફારા વચ્ચે લોકો વિહવળ જોવા મળ્યા હતા.

### તડકેશ્વર મહાદેવ મંદિર પાણીમાં જળમગ્ન

# નવસારીમાં ભારે વરસાદથી અંબિકા, કાવેરી નદીમાં ઘોડાપૂર

। (એજન્સી) નવસારી, તા.૨૬ ।

છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ઉકળાટ અને બફારા થતાં વરસાદના આગમનની રાહ જોવામાં આવી રહી હતી. ત્યારે ગુજરાતમાં ચોમાસાનું ધમાકેદાર આગમન થયું છે. રાજ્યમાં છેલ્લાં ત્રણથી ચાર દિવસથી વરસાદ ચાલુ છે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતમાં ગત ૨૪ કલાકમાં ૧૨૪ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૨૬.૨૪ ટકા નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી નવસારીમાં મનમૂકીને વરસાદ વરસી રહ્યો છે. ઉપરવાસમાં પણ ભારે વરસાદ ખાબકતાં નવસારી જિલ્લામાં બે કાંઠે નદીઓ વહેવા લાગી છે. નવસારીની અંબિકા અને કાવેરી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ તડકેશ્વર મહાદેવ મંદિર જળમગ્ન બન્યું છે. મેઘરાજા જાણે જળાભિષેક કર્યો હોય એવા દ્રશ્યો સર્જાયા છે. નવસારી જિલ્લામાં ભારે વરસાદના કારણે પંચાયતના ૬૮ રસ્તાઓ અવરોધાયા છે. તમામ રસ્તાઓ ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે અને ટોલ ફ્રી નં.૧૦૭૭ તથા હેલ્પલાઈન નં.૦૨૬૩૭-૨૩૩૦૦૨/૨૫૯૪૦૧ જાહેર કરવામાં આવ્યો છે. તો બીજી ચેકડેમો તેમજ નદીમાં નવા નીરની આવક થતાં ધરતીપુત્રોમાં ખુશી લહેર જોવા મળી રહી છે. નવસારીના ચીખલી તાલુકામાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં આમધરા શાળામાં પાણી ભરાઈ ગયા છે. જેના લીધે શાળામાં ચાલી રહેલી પ્રવેશોત્સવની તૈયારી પર પાણી ફરી વળ્યું છે. ભારે વરસાદના પગલે તંત્ર એલર્ટ મોડ પર છે સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. લોકોને નદી કિનારે ન જવ અને સાચવેતી રાખવા સૂચના આપવામાં આવી રહી છે.

### વિદ્યાર્થીઓમા નેતૃત્વ કરવાની ક્ષમતા વધે તેવો મુખ્ય આશય

# ઝાલોદ બી.એમ.હાઈસ્કૂલમા વિદ્યાર્થી સંસદ બનાવવા માટે પ્રથમ વખત ચૂંટણી યોજાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલમાં આજરોજ ૨૬-૦૬-૨૦૨૫ ગુરુવારના રોજ વિદ્યાર્થી પ્રતિનિધિ બનાવવા માટે ચૂંટણી યોજાઈ હતી જેમાં કુલ ૨૦ વર્ગો માંથી ૧૪૧૬ વિદ્યાર્થીઓએ મતદાન કર્યું હતું. દરેક વર્ગોમાં વિદ્યાર્થી પ્રતિનિધિ બનવાનો અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળતો હતો. દરેક વર્ગોમાં વિદ્યાર્થી પ્રતિનિધિ બનવા માટે તેઓ પોતાનો પ્રચાર પણ ક્લાસ રૂમમાં કરતા જોવા મળતા હતા. એક વર્ગ માંથી કુલ ચાર વિદ્યાર્થી પ્રતિનિધિ છૂટવાના હોવાથી ચાર વોટ નાખવાનું ફરજીયાત હતું તેમજ જેમ ચૂંટણી પ્રક્રિયા યોજાય તેમ વિદ્યાર્થીઓના નામ સાથે ખરાઈ કરી મતદાન કર્યા બાદ હાથની આંગળીમા કાળી લીટી પણ માર્કર પેન થી દોરવામાં આવેલ હતી. બાળકોમાં આજની ચૂંટણી ને લઈ અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળતો હતો.

સ્કૂલના પ્રિન્સિપાલ યુક્તિબેન પંચાલે કહ્યું હતું કે સ્કૂલમા પ્રથમ વખત વિદ્યાર્થી સંસદની ચૂંટણી યોજવામાં આવેલ છે જેથી વિદ્યાર્થીઓ પોતાનામા નેતૃત્વ કરવાની ક્ષમતા કેળવી શકે તેમજ ક્લાસ રૂમ કે સ્કૂલની વિદ્યાર્થીઓને લઈ કોઈ પણ સમસ્યા હોય તેનું યોગ્ય નેતૃત્વ કરી તેનું નિરાકરણ લાવી શકે. આ ચૂંટણીમાં જીતેલ વિદ્યાર્થીઓ પોતાની કારોબારી બનાવી તેમાંથી એક વિદ્યાર્થી નેતા બનાવવામાં આવશે અને આ વિદ્યાર્થી સંસદમા સ્કૂલને લગતા અલગ અલગ વિભાગનું નેતૃત્વ વિદ્યાર્થીઓને સોપવામાં આવનાર છે. વિદ્યાર્થીઓને ચૂંટણીમાં ઉભા રહી મતદાન કરવા અને પ્રતિનિધિ માટે ઉભા રહેનાર વિદ્યાર્થીઓને કેવી રીતે પોતાનું પ્રચાર કરવું તે અંગેનું માર્ગદર્શન શિક્ષકો દ્વારા આપવામાં આવ્યું હતું.

# ૧૬ થી ૨૫ જૂન દરમિયાન રેલવે સુરક્ષા બળના ઉલ્લેખનીય કામ











। અમદાવાદ, તા.૨૬ ।

રેલવે સુરક્ષા બળ (RPF), અમદાવાદ મંડળ રેલવે સંકુલોમાં સુરક્ષા વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા, યાત્રીઓની સહાયતા સુનિશ્ચિત કરવા તથા અનિચ્છનીય પ્રવૃત્તિઓ પર અંકુશ લગાવવા માટે સતત સક્રિય ભૂમિકા નિભાવી રહ્યું છે. ૧૬ જૂન ૨૦૨૫ થી ૨૫ જૂન ૨૦૨૫ સુધી ૧૦ દિવસોમાં આરપીએફ દ્વારા અનેક મહત્વપૂર્ણ કામો પાર પાડવામાં આવ્યા, જેમાં યાત્રીઓની સહાયતા, માનવ તસ્કરી પર નિયંત્રણ, ગેરકાયદેસર વસ્તુઓની જપ્તી તથા યાત્રીઓની સુરક્ષાથી જોડાયેલા વિવિધ અભિયાન સામેલ છે. મુખ્ય ઉપલબ્ધિઓ આ મુજબ છે :

૧. ઑપરેશન 'નન્હે ફરિશ્તે': - પાલનપુર સ્ટેશનથી બિનવારસી અને અસહાય સ્થિતિમાં મળેલા ૩ સગીર બાળકોને RPF દ્વારા સુરક્ષિત રૂપે રેસ્ક્યુ કરીને ચાઈલ્ડ વેલફેર કમિટિ (CWC) તથા જીઆરપીને સોંપવામાં આવ્યા. આ પ્રયત્ન ફક્ત બાળ સંરક્ષણ કાયદાનું અનુપાલન જ દર્શાવતું નથી પરંતુ માનવીય સંવેદનાઓ પ્રત્યે RPF ની જાગૃતિને પણ દર્શાવે છે.

૨. ઑપરેશન 'સતર્ક' (ગેરકાયદેસરના દારૂ વિરૂદ્ધ અભિયાન):- ગેરકાયદે દારૂની તસ્કરીને અટકાવવા માટે ચલાવવામાં આવી રહેલા અભિયાન હેઠળ RPF દ્વારા કુલ ૦૩ મામલાઓમાં ગેરકાયદેસરનો દારૂ જપ્ત કરવામાં આવ્યો. સંબંધિત આરોપીઓને કાયદાકીય કાર્યવાહી માટે GRP ને સોંપવામાં આવ્યા.

૩. ઑપરેશન 'નાર્કોસ':- અમદાવાદ સ્ટેશન પર અમદાવાદ-પુરી એક્સપ્રેસમાં ચેકિંગ દરમિયાન બીનવારસી બેગમાંથી લગભગ ૧૫ કિલો ગાંજો (અંદાજિત મૂલ્ય રૂા.૧,૫૧,૧૦૦) જપ્ત કરવામાં આવ્યો. આ સંબંધમાં GRP દ્વારા અજાણ્યા ઈસમો વિરૂદ્ધ કેસ નોંધીને આગળની તપાસ કરવામાં આવી રહી છે.

૪. ઑપરેશન 'અમાનત':- યાત્રા દરમિયાન યાત્રીઓ દ્વારા છોડી દેવાયેલા અથવા ગુમ થયેલા રૂા.૨ લાખથી વધુના મૂલ્યની કિમતી વસ્તુઓને આરપીએફ દ્વારા ચકાસણી કર્યા પછી સંબંધિત યાત્રીઓને સુરક્ષિતરૂપે સોંપવામાં આવી.

૫. ઑપરેશન 'યાત્રી સુરક્ષા':- યાત્રીઓના માલસામાનની ચોરીથી જોડાયેલા મામલાઓમાં RPF દ્વારા ૦૫ શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓને જરૂરી કાયદેસરની કાર્યવાહી માટે GRP ને સોંપવામાં આવ્યા.

૬. મિશન જીવન રક્ષા:- ૨૦ જૂન ૨૦૨૫ ના રોજ પ્લેટફોર્મ નંબર ૦૩ પર ફરજરત RPF સ્ટાફ ઈનસાર ખાને ટ્રેન નંબર ૧૯૨૧૭ (સૌરાષ્ટ્ર એક્સપ્રેસ) ના જી/૩ કોચથી ચાલતી ટ્રેનમાંથી ઉતરવાનો પ્રયત્ન કરી રહેલ મહિલા યાત્રીને પડવાથી બચાવીને તેમનો જીવ બચાવ્યો. આ ત્વરિત અને સાહસી કામ 'મિશન જીવન રક્ષા' નું જીવંત ઉદાહરણ છે.

આ અભિયાનો અને કામો મારફતે RPF, અમદાવાદ મંડળે એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ફક્ત રેલવે સંકુલોની સુરક્ષા માટે જ પ્રતિબદ્ધ નથી, પરંતુ યાત્રીઓના જીવન, અધિકારો અને સુવિધાઓની રક્ષા પ્રત્યે પણ સમાનરૂપે સંવેદનશીલ છે.